**સુવિચાર**

માયા એકવાર લપેટાય પછી તે છૂટી શકતી નથી. માયા આપણું પોતાનું સ્વરૂપ ભૂલાવી દે છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૧૦/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ ભાદરવા વદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૨૫૨

## સમાજનાં ૨ વ્યકિતઓને શોર્ટ સરકીટથી થયેલ મોતનાં કેસમાં આરોપી બનાવાતા

# અમરેલીમાં સગર સમાજે ડીએમ, એસપી સમક્ષ ન્યાય માંગ્યો

**૩ દિવસ પહેલા ખેતર ફરતે લાગેલ વાડમાં શોર્ટ લાગવાથી એક વ્યકિતનાં મોતની ઘટના બની છે**

**મોતની ઘટનામાં રાજકીય વગ ધરાવતાં વ્યકિતઓની સંડોવણી હોય નિર્દોષ વ્યકિતને ફિટ કરવાનો આક્ષેપ**

**સગર સમાજે મોટી સંખ્યામાં એકત્ર થઈ મૌન રેલી યોજીને ડીએમ અને એસપીને આવેદનપત્ર પાઠવ્યું**

**સમગ્ર બનાવને લઈને શહેરમાં પણ ભારે ચર્ચા જોવા મળી રહી હોય તટસ્થ તપાસ જરૂરી બની**






અમરેલી, તા. ૧૨

અમરેલીનાં પાદરમાં આવેલ ગૌશાળાની જમીનમાં ઘાસચારાનું વાવેતર હોય તે જમીન ફરતે લાગેલ વીજ વાયરમાં ઈલેકટ્રીક શોર્ટ લાગવાથી એક વ્યકિતનું મોત થતાં તેમાં પોલીસે સગર સમાજના ૨ વ્યકિતઓને આરોપી બનાવતા સગર સમાજે આ બાબતે આજે મૌન રેલી યોજીને કલેકટર અને એસપીને આવેદનપત્ર પાઠવીને સગર સમાજનાં વ્યકિતઓને ખોટી રીતે આરોપી બનાવાયા હોવાનું જણાવીને તટસ્થ તપાસ કરવાની માંગ કરેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમારા સમાજના રાજેશભાઈ મનજીભાઈ ગોહિલ તથા કાનજીભાઈ જીવરાજ શેલડીયાને ઘણા સમયથી ઓળખીએ છીએ અને તેઓને અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુન્હાના કામે ગુન્હો નોંધાયા બાદ તે જ દિવસે પોલીસ સ્ટેશને બોલાવીને રાત્રે અમારા સમાજનાં બન્ને લોકોને

અનુસંધાન પાના ૬ ઉપર

### અચાનક સ્પાર્ક થવાનાં કારણે

## અમરેલીનાં ગાવડકા માર્ગ ઉપર પેટ્રોલ પંપમાં અચાનક આગ લાગી

**ફાયર વિભાગે આગ પર કાબુ મેળવ્યો**

અમરેલી, તા. ૧૨

અમરેલી નજીક આવેલ ગાવડકા ચોકડી પાસે ગઈકાલે સાંજે ૮ કલાકે એક પેટ્રોલ પંપમાં અચાનક એક વાનમાં આગ લાગવાની ઘટના બની હતી. જેમાં ગેસનું રિફિલિંગ કરતા સમયે અચાનક સ્પાર્ક થવાના કારણે આગ ભભૂકી ઊઠી હતી.

આ ઘટનાની જાણ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અમરેલીને

અનુસંધાન પાના ૬ ઉપર



### પોલીસ અધિક્ષક હિમકંરસિંહનો માર્ગદર્શનતળે

## અમરેલી એલસીબીએ આર્મ્સ એકટનાં ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લીધો

**ભાવનગર જિલ્લા જેલ ખાતે સોંપી દેવામાં આવ્યા**

અમરેલી, તા. ૧૨

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે કોર્ટ તરફથી મોકલવામાં આવતા પક્કડ વોરંટના આરોપી અંગે માહિતી મેળવી તેમને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસ તંત્રને જરૂરી માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી.પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે જયુડી.મેજી.ફ.ક.



કોર્ટ, જેસરના ક્રિમીનલ કેસ નંબર ૦૫/૨૦૨૦ નાં કામે આરોપી સલીમ ઉર્ફે ડફેર હુસેનભાઈ લાડક (રહે. ઉગલવાણ, તા. જેસર, જિ. ભાવનગર) વાળાને મોટા ખુંટવડા પોલીસ સ્ટેશન આર્મ્સ એકટ કલમ ૨૫(૧) (૧–બી) એ મુજબનાં ગુના અંગે કસુરવાર ઠરાવી ગત તા. ૨૫/૯/૨૩ નાં રોજ ત્રણ વર્ષની સખત

અનુસંધાન પાના ૬ ઉપર

### ઉછીના નાણા આપીને ચિંતા વધારી

## સાવરકુંડલા ગામે ઉછીનાં આપેલ રૂપિયા પરત માંગતા પિતરાઈ ભાઈ ઉપર છરી વડે હુમલો

**રૂપિયા ગયા અને હવે ગળામાં છરીનો ઘા આવ્યો**

અમરેલી તા.૧૨

સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર રહેતા અને હીરા ઘસવાનો ધંધો કરતાં જનકભાઈ આલાભાઈ ખીમસુરીયા નામના ૨૮ વર્ષિય રત્ન કલાકારે તેમના કાકાના દીકરા વિશાલભાઈ હીરાભાઈ ખીમસુરીયા (રહે. ભેંકરા) વાળાને ત્રણેક મહીના

અનુસંધાન પાના ૬ ઉપર

### એકજ કુટુંબનાં સભ્યો વચ્ચે મારામારી

## ખાંભાના જામકા ગામે હલાણમાં ચાલવા બાબતે બે પરિવારો બે વચ્ચે જામી પડી

**પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૨

ખાંભા તાલુકાના જામકા ગામે રહેતા સવજીભાઈ ઉકાભાઈ મકવાણા નામના ૭૦ વર્ષિય વૃદ્ધ ખેડૂતને સંયુકત હલાણમાં ચાલવા બાબતે છેલ્લા છ મહિનાથી તેમના નાનાભાઈ ખાટાભાઈ સાથે વિવાદ ચાલે છે અને આ બાબતે મનદુઃખ છે ત્યારે આજે સવારના વૃદ્ધ સહિતના લોકો ખેતરે ખેતી કામ કરતા હતા દરમ્યાન વૃદ્ધના નાનાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### વાહન અકસ્માતનું પ્રમાણ અટકાવો

## વાહનોમાં લગાવાયેલ આંખ આંજી દે તેવી લાઈટ દૂર કરવા માંગ ઉભી થઈ

**તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ સીએમને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૧૨

ગુજરાત રાજયમાં ટુ–વ્હીલર, થ્રી–વ્હીલર, ફોર વ્હીલર અને હેવી વાહનોમાં જે પ્રકારે સફેદ એલઈડી લાઈટ અને હેલોજન લાઈટ લગાવવામાં આવી રહી છે તેના લીધે રોડ ઉપર અકસ્માતો વધુ થઈ રહ્યા છે. પરિણામે ગુજરાતનાં લોકો અકાળે મોતનો કોળીયો બની રહ્યા છે જે ખૂબ જ ચિંતાજનક બાબત કહેવાય. માર્ગ અકસ્માતોને લીધે અકાળે મૃત્યુ પામતા લોકોનો મૃત્યુઆંક ઘટાડવા માટે વાહનોમાં પહેલા સરકારના નીતિ–નિયમ પ્રમાણે જે લાઈટ હતી તે રેગ્યુલર લાઈટ ફરીવાર અમલમાં લાવવામાં આવે તેવી માંગ અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
**શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર**
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

### જાફરાબાદ નજીક આવેલ

## લુણસાપુર–લોઠપુર માર્ગ ઉપર અજાણ્યા વાહને હડફેટે લેતા બાઈકમાં સવાર ૨ વ્યકિતનાં મોત

**અન્ય એક વ્યકિતની સારવાર શરૂ**

અમરેલી, તા. ૧૨

રાજુલા ગામે રહેતા ભાવેશભાઈ ભીમાભાઈ શીયાળના મોટાભાઈ ગટુરભાઈ તથા તેમના મામાનાં દીકરા શંકરભાઈ મોટા ભાઈનુ મોટરસાયકલ નં જી.જે.–૧૪ એએચ–૭૨૪૫ વાળુ લઈને રાજુલાથી જાફરબાદ મુકામે કામથી ગયેલ હતા અને સાંજના રાજુલા આવવા માટે ગટુરભાઈ તથા ભત્રીજો સંજયભાઈ તથા તેમના મામાના દીકરા શંકરભાઈ ગઈકાલે રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યે લુણસાપુરથી લોઠપુર ગામની વચ્ચે રોડ ઉપરથી પસાર થતાં હતાં. ત્યારે કોઈ અજાણ્યો વાહન ચાલકે ગટુરભાઈની મોટર સાયકલને ટક્કર મારતા આ ત્રણેય ઈસમોને પછાડી દેતા ગટુરભાઈ તથા ભત્રીજા સંજયને ગંભીર ઈજા થતા સારવાર દરમ્યાન બંનેના મરણ ગયેલ છે તેમજ શંકરભાઈ ભાણાભાઈ કોટડીયાને પણ આ અકસ્માતમાં ઈજા થતા પ્રથમ રાજુલા સરકારી દવાખાને સારવારમાં લાવેલ બાદ વધુ સારવાર અર્થે મહુવા રીફર કરેલ છે.

### ખાટલામાં સુતો હોય દીપડાનો હુમલો

## અમરેલીનાં વાંકીયા ગામે પાંચ વર્ષનાં બાળક ઉપર દીપડાએ કર્યો હુમલો

**ઈજાગ્રસ્ત બાળકને સારવાર અર્થે ખસેડાયો**

અમરેલી, તા. ૧૨

અમરેલીના વાંકીયા ગામે વાડી વિસ્તારમાં ગત મોડી રાતે દીપડો ત્રાટકતાં અને પોતાના મોટા બા સાથે ખાટલામાં સુતેલા પાંચ વર્ષના ટેણીયા પર હુમલો કરતાં આ બનવાથી દેકારો મચી જતાં અને પરિવારજનો જાગી જતાં દીપડો ભાગી ગયો હતો. ઘાયલ થયેલા બાળકને સારવાર માટે–રાજકોટ ખસેડાયો છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના વાંકીયા ગામે અરજણભાઈ રવજીભાઈ અકબરીની વાડીમાં વર્ષોથી પરિવાર સાથે રહી ખેત મજૂરી કરતાં વિનુભાઈ બામનીયા વિગેરે ગત

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
**જોઈએ છે**
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઈચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર......................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨

## શિક્ષકો, તબીબો, બેન્ક કર્મીઓ કે સરકારી કચેરીઓ સહિત કર્મચારીઓની બધે જ જગ્યા ખાલી


# લ્યો બોલો : સાવરકુંડલામાં ૧૨માંથી ૭ પોસ્ટમેનની જગ્યા ખાલી

**પાંચ પોસ્ટમેન સવારથી સાંજ સુધી ટપાલ વિતરણ કરે છતાં અનેક ટપાલ પહોંચાડી શકતા નથી**

**એક બાજુ બેરોજગારી ચરમસીમાએ અને બીજી તરફ સરકારી વિભાગોમાં કર્મચારીઓની જગ્યા ખાલી**

**પોસ્ટ ઓફિસમાં કર્મચારીઓની જગ્યા ખાલી અને મકાન પણ બિસ્માર બન્યું**

**જનપ્રતિનિધિઓ જનતાની સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગી ઉભી થઈ**


સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા શહેરની જન સંખ્યા ધીમે ધીમે વધી રહી છે. સાવરકુંડલાની પોસ્ટ ઓફિસની હાલત દયનીય અને કફોડી બનતી જાય છે. શહેરમાં પત્ર વ્યવહાર વહેંચણી માટે વર્ષોથી ૧૨ બીટ પાડવામાં આવી છે અને બાર પોસ્ટમેન કાર્યરત હતા. એક પોસ્ટમેનને બીટમાં મિનિમમ ઈન્કમિંગ આઉટગોઈંગ ૧૨ થી ૧૫ કિલોમીટરનો રન થાય છે. ત્યારે હાલમાં છેલ્લા ઘણા વર્ષથી પાંચ પોસ્ટમેનથી કામકાજ ચલાવાઈ રહ્યુ છે. આ પોસ્ટ ઓફિસમાં અનેક પ્રકારના સરકારી ડોકયુમેન્ટ વહેંચવાના હોય જેમાં ઈ ધરા, બેંક ઓફ બરોડાના પત્ર વ્યવહાર, ઈલેકશન કાર્ડ, જીઈબી નોટિસો, એલઆઈસીના કાગળો અને મહત્વના ઈન્ટરવ્યૂ કોલ લેટરો પોસ્ટ ઓફિસ મારફતે આવતા હોય. આ પાંચ પોસ્ટમેનો સવારના સાતથી સાંજના સાત સુધી કામ કરે છે પરંતુ અનેક એવા કિસ્સાઓમાં મહત્વની તારીખો ગ્રાહકો ચૂકી જાય છે. ત્યારે હાલ તો પોસ્ટમેનની ૫૦ ટકા ઉપર એટલે કે ૭ જગ્યા ખાલી છે એ સાત પોસ્ટમેનોની જગ્યા તાત્કાલિક ભરવામાં આવે અને પોસ્ટ ઓફિસના બિલ્ડીંગની ઉપર નજર કરીએ તો સ્લેબના સળિયા દેખાઈ ગયા છે અને કર્મચારીઓ સતત ભઈના ઓથાર નીચે કામ કરી રહ્યા છે. આ બિલ્ડીંગનું રીનોવેશન અથવા તો નવું બનાવવાની તાત્કાલિક જરૂરિયાત છે. ત્યારે સાવરકુંડલાની પોસ્ટ ઓફિસના જ મહત્વના બે પ્રશ્નો એક પોસ્ટમેનોની જગ્યા પૂરેપૂરી ભરવી અને બિલ્ડીંગનું તાત્કાલિક ધોરણે મરામત કરવું હવે જરૂરી બની ગયું છે.

### ‘મેરી મિટી મેરા દેશ’ અંતર્ગત

## અમરેલીના ચાંદગઢ, લાપાળીયા સહિતનાં ગામોમાં અમૃત કળશ યાત્રા યોજાઈ

**ભાજપ યુવા મોરચાનાં ઉપાધ્યક્ષ મનિષ સંઘાણી પણ જોડાયા**




અમરેલી, તા. ૧૨

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના આહવાનથી સમગ્ર ભારત દેશની માટીને નમન અને વિરો ને વંદન હેતુ મારી માટી, મારો દેશ કાર્યક્રમ અંતર્ગત અમરેલી તાલુકામાં અને શહેર માં અમૃત કળશ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં અમરેલી તાલુકાના ચાંદગઢ, લાપાળીયા, સોનારિયા, ખડખંભાળા, શંભૂપરા અને અમરેલી શહેર ના વોર્ડ નંબર ૩ ખાતે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચા ના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા ત્યારે દરેક ગામોમાં અમૃત કળશ યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું અને ઘરે ઘરે સંપર્ક સાધી માટી લેવામાં આવી હતી.

## આરાધ્યાની ફી અભિષેક અને ઐશ્વર્યા ચૂકવે છે

મુંબઈ, તા.૧૨

તેના માતા-પિતાની જેમ આરાધ્યા પણ દાદા અમિતાભ બચ્ચન અને દાદી જયા બચ્ચનની પ્રિયતમ છે. માતા ઐશ્વર્યા રાય બચ્ચન સાથે બહાર જવા ઉપરાંત, આરાધ્યા ખંતથી અભ્યાસ કરે છે અને અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં પણ ભાગ લે છે. સમય સમય પર, ઐશ્વર્યા અને અભિષેક તેમની પુત્રીની સિદ્ધિઓની ઝલક ચાહકો સાથે શેર કરે છે. આરાધ્યા બચ્ચન ખૂબ જ આશાસ્પદ છે. અન્ય બોલિવૂડ સ્ટારકિડ્સની જેમ તે દેશની સૌથી મોંઘી અને લોકપ્રિય સ્કૂલમાં અભ્યાસ કરે છે. આ શાળા મુંબઈમાં છે. આરાધ્યા બચ્ચન જે સ્કૂલમાં અભ્યાસ કરે છે તેનું નામ ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલ છે. તે ભારતની ટોચની શાળાઓમાં આવે છે. ફિલ્મ સ્ટાર્સ ઉપરાંત ઘણી મોટી હસ્તીઓના બાળકો અહીં અભ્યાસ કરે છે. આરાધ્યા બચ્ચનની ફી અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચન પોતે ચૂકવે છે. આ સિવાય ઐશ્વર્યા અને અભિષેક પણ પોતાની દીકરીની દરેક માંગ પૂરી કરે છે. તમને જણાવી દઈએ કે, ઐશ્વર્યા રાય બચ્ચન મોટાભાગે મોટા પ્રસંગોમાં દીકરી આરાધ્યા બચ્ચનને પોતાની સાથે લઈ જાય છે. બંનેની તસવીરો અને વીડિયો તરત જ વાયરલ થઈ જાય છે.

## સા.કુંડલા પંથકમાં અમૃત કળશ રથયાત્રાનું પ્રસ્થાન કરાવતા સાંસદ




અમરેલી, તા. ૧૨

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા. ૩૦ જુલાઈ ૨૦૨૩ ના રોજ "મન કી બાત" કાર્યક્રમ દરમ્યાન દેશ માટે બલિદાન આપેલ આપણા વિર શહીદ પુરૂષો અને મહિલાઓના સન્માન માટે મેરી માટી, મેરા દેશ અભિયાનની જાહેરાત કરવામાં આવેલ હતી.

જેમાં અમૃત કળશ યાત્રા અંતર્ગત સમગ્ર દેશના ખુણે ખુણેથી ૭૫૦૦ કળશોમાં માટી લાવી દેશની રાજધાની દિલ્લી લાવી રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક પાસે અમૃત વાટીકા બનાવવામાં આ માટીનો ઉપયોગ થવાનો છે ત્યારે અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા દ્વારા અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના લીખાળા, ભોકરવા, ડેડકડી, ભમ્મર, મેરીયાણા અને છાપરી ગામે અમૃત કળશ યાત્રા અંતર્ગત યાત્રાનું સ્વાગત કરી ડોર ટુ ડોર જઈ ગ્રામજનોના હસ્તે કળશમાં માટી એકત્ર કરી યાત્રાનું પ્રસ્થાન કરાવેલ હતું.

આ કળશ યાત્રા દરમ્યાન પદાધિકારીઓ, ચુંટાયેલા પ્રતિનિધિઓ અને ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળેલ હતો.

### પાલિકાનાં ચીફ ઓફિસરે સંપર્ક કરવા જણાવ્યું

## અમરેલી ખાતે ખેલ મહાકૂંભ અંતર્ગત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી અપાશે

**વધુમાં વધુ ખેલાડીઓને ભાગ લેવા અનુરોધ**

અમરેલી, તા. ૧૨

સરકાર ખેલ મહાકુંભ રૂપે રમત ગમત ક્ષેત્રે માનવ શકિતને ઉજાગર કરવા ગ્રામ્ય, શાળાથી લઈ રાજયકક્ષાએ ચાર વયજૂથમાં ૩૯ રમત સ્પર્ધાના આયોજન અંગે અમરેલી શહેરમાં ઓનલાઈન રજીસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

પ્રાપ્ત વિગત મુજબ સરકારનાં રમત–ગમત અને સાંસ્કૃતિક વિભાગ ધ્વારા સમગ્ર ગુજરાત રાજય સાથે અમરેલી શહેરી વિસ્તારનાં રમતવીરોની રમત–ગમત પ્રત્યેની શકિતને ઉજાગર કરવા આ વર્ષ ખેલ મહાકુંભ ૨ નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં રમત–ગમતમાં ભાગ લેવા ઈચ્છુક રમતવીરો ધ્વારા ફરજિયાત ઓન રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવેલ છે. જે અંગે અમરેલી શહેરી વિસ્તારમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન અંગે વેબસાઈટ khelmahakumbh.gujarat.gov.in ઉપર રજીસ્ટ્રેશન કરી શકાશે અને આ ખેલમહાકુંભ ૨ માં વધુમાં વધુ ખેલાડીઓએ ભાગ લઈ તંદુરસ્ત હરિફાઈ કરવા અમરેલી નગરપાલિકા ધ્વારા આહવાન કરવામાં આવેલ છે. સાથો સાથ ઓનલાઈન રજીસ્ટ્રેશન અંગે કોઈ પણ મુશ્કેલી જણાય તો અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારનાં નંબર ૦૨૭૯૨ ૨૨૧૯૬૧ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.

## ‘‘મા’’ની પૂણ્યતિથિ અને પુત્રના જન્મ દિવસની ઉજવણી




સાવરકુંડલા, તા. ૧૨

અમેરીકા સ્થિત, મૂળ સાવરકુંડલાના શરદકુમાર તાપીદાસ પારેખ કે.ડી. ન્યૂઝ અને આપડું કુંડલા દ્વારા સાવરકુંડલા તાલુકાની ગતિવિધિઓ તથા નવા–જુનીના સંપર્કમાં રહેલાં છે, છેલ્લા કેટલાય સમયથી તેઓ બંને પ્રકાશનો નિયમિત જુએ છે, સ્વર્ગસ્થ લલ્લુભાઈ શેઠ દ્વારા સ્થપાયેલ નૂતન કેળવણી મંડળ સાવરકુંડલાની અનેક સંસ્થાઓથી તેઓ માહિતગાર છે. તેમના ધર્મપત્નિ સ્વ. ચારૂલતાબેન (બંધુ, પતુભાઈ કાણકીયાના બહેન) ની ૯મી પૂણ્યતિથિ નિમિત્તે તથા પુત્ર ભાઈ મિલનભાઈના જન્મ દિવસ નિમિત્તે આશ્રમશાળા કે જયાં દરિયાકાંઠાના છેવાડાના ગામોના બાળકોના ભણતર, ગણતર અને સંસ્કારનું ઘડતર છેક ૧૯૯૨થી સંસ્થા કરી રહી છે.
તેવા બાળકોને મિષ્ટ ભોજન, મોહનથાળ, રોટલી, શેવ – ગાઠીયા, દાળભાત, શાક, છાશનું ભોજન જમાડી રહ્યા છે.

# બગસરા : વ્હોરા સમાજનાં ધર્મગુરૂની હાજરીમાં વ્હોરા સમાજ દ્વારા બિઝનેશ એકિઝબિશન યોજાયું



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરામાં વ્હોરા સમાજના ધર્મગુરૂ આવેલા છે તેમની હાજરીમાં વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે જે પૈકી આજે વ્હોરા સમાજના વેપારીઓ દ્વારા બિઝનેસ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિગત અનુસાર વ્હોરા સમાજના આંતરરાષ્ટ્રીય ધર્મગુરૂ ડો.સૈયદની ઉપસ્થિતિમાં બુધવારના રોજ વ્હોરા સમાજની નવી મસ્જિદનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું સાથે સાથે આજે તેમના રોકાણના બીજા દિવસે વ્હોરા સમાજ દ્વારા તેમના ધર્મગુરૂની હાજરીમાં ભવ્ય બિઝનેસ એકિઝબિશન યોજના હતું જેમાં વિસ્તારના તમામ વ્હોરા વેપારીઓ દ્વારા તેમના ધંધાના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. વેપારીઓ દ્વારા ઊભા કરાયેલા ઈલેકટ્રોનિક, કરિયાણા, કટલેરી, સેનેટરીવેર સહિતના ૨૬ સ્ટોલ તેમના દ્વારા કરવામાં આવતા તમામ વેપાર વિશેની છણાવટ પૂર્વક વિગતો રજુ કરવામાં આવી હતી. ધર્મગુરૂ દ્વારા તેમના ધંધા વિશેના આગામી વિચારો વિશે માહિતી મેળવવામાં આવી હતી તેમજ ભવિષ્યમાં બગસરા ના પ્રજાજનો ભાઈચારો બની રહે અને શહેરનો વેપાર ખૂબ આગળ વધે તેવા આશીર્વાદ આપ્યા હતા.

## ગૌપાલક, પર્યાવરણ વન્ય અને દરિયાઈ જીવ રક્ષક ટ્રસ્ટે કલેકટરને પત્ર પાઠવ્યો

# ધારીનાં મોણવેલ ગામે સોલાર પ્રોજેકટ શરૂ કરવામાં નિયમોનાં ભંગનો આક્ષેપ

**ખેતીની જમીન વેચાણ રાખનાર ખેડૂત ન હોવા છતાં જમીન ખરીદી હોવાનો કર્યો આક્ષેપ**

**વન્ય સંપતિ અને એશિયાટીક સિંહનાં અસ્તિત્વ સામે ગંભીર ખતરો ઉભો થતો હોવાનું જણાવાયું**

**સરકારી પડતર અને ગૌચરની જમીન હોય ત્યારે જમીનની કિંમતના ૧૦ ટકા રકમ સરકારમાં નિયમ મુજબ જમા થઈ નથી**

**નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે ઈકોઝોન બાબતે વહીવટીતંત્રને કરેલ ટકોરની અવગણના થયાનું પણ જણાવાયું**






અમરેલી, તા. ૧૨

અમરેલીનાં સરંભડાનાં ગૌપાલક, પર્યાવરણ, વન્ય અને દરિયાઈ જીવ રક્ષક ટ્રસ્ટ મંત્રીએ કલેકટરને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ધારી સોલાર પાર્ક પ્રાઈવેટ લી. ધ્વારા મોણવેલ (તા. ધારી) સીમની બિનપીયત જમીન ખાતા નં. ૧૪૧૦થી કુલ હે.આરે.ચો.મી. ૪૧–૯૦–૨૮ જમીન ઉપરોકત જમીન મૂળ વીડી તરીકે ઓળખાતી જેને કલેકટરનાં તા. ૨/૨/૧૯૯૯નાં હુકમથી ખેતી કરવા માટે પરવાનગી આપવામાં આવેલ હતી. ઉપરોકત જમીનમાં ધારી સોલાર પાર્ક પ્રા.લી. ધ્વારા હાલ સોલાર પાર્ક માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. જેમાં ગંભીર ક્ષતિઓ જણાય આવે છે.

વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત જમીન નોંધ નં. ૩૪૦૯, તા. ૯/૧૦/૨૦૧૮થી વેચાણ કરવામાં આવેલ તેમાં વેચાણ રાખનારા ક્રમાંક–૨ નોંધના તપાસ કરનાર અધિકારીના શેરા મુજબ ક્રમ નં. ૨ લીંબડી તાલુકાના ઘનશ્યામનગર ગામના ખાતા નં. ૪૫૯ સ્વતંત્ર નામે ખેતીની જમીન ધરાવે છે. પરંતુ ઉપરોકત શેરાના રેવેન્યુ રેકર્ડની ચકાસણી કરતા ઉપરોકત વેચાણ રાખનાર ખેડૂત ખાતેદાર ન હોવાનું ફલીત થાય છે તથા વેચાણ રાખનારા ક્રમાંક નં. ૩ ધારી તાલુકાના સરસીયા ગામના ખાતા નં. ૪૭૮થી સંયુકત નામે ખેતીની જમીન ધરાવે છે. પરંતુ ઉપરોકત રેવેન્યુ રેકર્ડની તપાસણી કરતાં ક્રમ નં. ૩થી વેચાણ રાખનારા વ્યકિત ખેડૂત ખાતેદાર ન હોવાનું ફલીત થાય છે.

વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત ખાતા નોંધ નં. ૪૦૯૯થી ઉપરોકત જમીન ધારી સોલાર પાર્ક પ્રા.લી.ના ડાયરેકટરએ વેચાણ કિંમત રૂા. બાર કરોડ નવ્વાણું લાખ પુરાથી વેચાણ કરવામાં આવેલ.

ખાતા નં. ના નોંધ નં. ૪૧૨૮ તા. ૭/૧૧/૨૦૨૨ મોજે મોણવેલ, તાલુકા ધારી, જિલ્લા અમરેલીના સર્વે/બ્લોક નંબર ૩૬૦ પૈકી ૨ (ખાતા નંબર ૧૪૫૨) ક્ષેત્રફળ ૧૪,૮૭૨,૦૦ ચો.મી. જમીનનો ખરેખર ઔદ્યોગિક હેતુનો બિનખેતી ઉપયોગ કરવા કંપની/અરજદાર ધારી સોલાર પાર્ક પ્રા.લી.ની તા. ૧૩/૯/૨૦૨૨ની અરજી મુજબ સોલાર એનર્જી પ્લાન્ટના ઉદ્યોગ માટે સૌરાષ્ટ્ર ઘરખેડ અધિનિયમની કલમ–૫૫ હેઠળ ખરીદી પ્રમાણપત્ર આપવા કલેકટર અમરેલીના હુકમ નં. ૫૨૧૧૩/૦૭/૦૦૧/૨૦૧૨ તા. ૭/૧૧/૨૦૨૨ આધારે હુકમની શરતોને આધીન પ્રમાણપત્ર આપતા આ નોંધ કરવામાં આવી.

વધુમાં જણાવેલ છે કે, મોણવેલ (તાલુકા ધારી) નાં સર્વે/બ્લોક નંબર ૩૬૦ પૈકી ૨ (ખાતા નંબર ૧૪૫૨) ક્ષેત્રફળ ૧૪,૮૭૨.૦૦ ચો.મી. માટે અરજદાર ધારી સોલાર પાર્ક પ્રા.લી.ના ડાયરેકટરે સોલાર એનર્જી પ્લાન્ટના ખરેખર ઔદ્યોગિક હેતુ માટે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ–૧૮૭૯ની કલમ–૬૫ (બ) હેઠળ પ્રમાણપત્ર મેળવવા તા. ૧૫/૧૨/૨૦૨૨નાં રોજ ઓનલાઈન અરજી કરતા કલેકટર અમરેલીનાં તા. ૨૩/૧/૨૦૨૩ના મન, ૩૪/૧૩/૦૭/૦૦૧/૨૦૨૩ આધારે તથા જુનિયર ટાઉન પ્લાનર અમરેલીએ મંજૂર કરેલ લે–આઉટ પાન મુજબ સોલાર એનર્જી પ્લાન્ટના ખરેખર ઔદ્યોગિક હેતુ માટે બાંધકામ કરવા હુકમમાં જણાવેલ શરતોને આધીન મંજૂરીની આથી નોંધ કરવામાં આવી. વિશેષધારો દર ચો.મી. રૂા. ૦.૧૫ પૈસા મુજબ વાર્ષિક રૂા. ૨,૨૩૧.૦૦ તથા રૂપાંતર કર દર ચો.મી. રૂા. ૮.૦૦ પૈસા મુજબ રૂા. ૧,૧૮,૯૭૬.૦૦ જમા લેવાયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ભારત સરકારના વન પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલયનાં તા. ૨૫/૧૦/૨૦૧૬ના જાહેરનામાના નિયમ ૩ ના પેટા નિયમ–૧ મુજબ ઈકો સેન્સેટિવ ઝોન અંતર્ગત રાજય સરકારની મોનિટરિંગ કમિટિની પૂર્વ મંજૂરી સિવાય ઈકો સેન્સેટિવ ઝોનમાં સમાવિષ્ટ ખેતીની જમીનોનું રૂપાંતર કરી શકાય નહીં તેવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં કલેકટર અમરેલીના તા. ૨૩/૧/૨૦૨૩ના હકમ નં. ૩૪/૧૩/૭/૦૦૧/૨૦૨૩ અન્વયે ધારી સોલાર પાર્ક પ્રા.લી. ઔદ્યોગિક હેતુ માટે જમીન મહેસૂલ અધિનિયમ–૧૮૭૯ની કલમ ૬૫–બ હેઠળ મંજૂરી આપવામાં આવેલ જે પ્રસ્તુત કાયદાનું ઉલ્લંઘન છે.

ભારત સરકારના વન/પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલયના તા. ૨૫/૧૦/૨૦૧૬ના જાહેરનામાના ભાગ–૨ નાં ક્રમાંક નં. ૨૭થી અમરેલી જિલ્લાનાં ધારી તાલુકાનાં મોણવેલ ગામને વિલેજ આઈડી ક્રમાંક વી–૨૬૯થી મોણવેલ ગામની કુલ ૩૩૧૭.૨૧ હેકટર વિસ્તાર સમાવિષ્ટ થયેલ જેમાં ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્ય અભ્યારણ્યનો ૨૭.૭૧ હેકટર વિસ્તારને આરક્ષિત વન તરીકે નિમ કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ગુજરાત સરકારના વન વિભાગના પરિપત્ર ક્રમાંક એફસીએ/૨૦૧૫/૨૦૧૩/૧૫/એસએફ–૮૩/એફ તા. ૩/૫/૨૦૧૬થી થયેલ જોગવાઈ મુજબ વન સંરક્ષણ અધિનિયમ ૧૯૮૦ અન્વયે ભારત સરકાર ધ્વારા "PARIVESH PORTAL" મારફતે વન આરક્ષિત ક્ષેત્રો તથા ઈકો સેન્સેટિવ ઝોનનાં વિસ્તારોમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ માટે પૂર્વ મંજૂરી લેવાની રહે છે. પરંતુ ઉપરોકત કિસ્સામાં આવી કોઈ પૂર્વ મંજૂરી લીધા વિના કાર્યવાહી કરવામાં આવેલ છે.

સર્વોચ્ચ ન્યાયાલયના રીપ પિટિશન નં. ૨૦૨/૧૯૯૫નાં તા. ૩/૬/૨૦૨૨ ના ચુકાદાના પેરા નં. ૪૪ (ઈ) મુજબ ઈકો સેન્સેટિવ ઝોન વિસ્તારમાં કોઈપણ પ્રકારનું નવું કાયમી બાંધકામ ઉભું કરી શકાશે. નહી.

વધુમા જણાવવાનું કે ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ ગુજરાત રાજયનાં ઠરાવ ક્રમાંક : જીઈટી૧૧/૨૦૧૫/જીઓઆઈ/૧૯૯–ક તા. ૧૪/૮/૨૦૧૭ તથા ઈલેકિટ્રસિટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૬૪ મુજબ પાવર લાઈન પસાર કરવા માટે ROW (RIGHT OF WAY) મુજબની માર્ગદર્શિકા આપવામાં આવેલ છે તથા ગુજરાત હાઈકોર્ટના સ્પેશિયલ સીવલ એપ્લિકેશન નં. ૧૮૩૩૪/૨૦૧૮ ના માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ જે જગ્યાએથી વિદ્યુત વહન લાઈન પસાર થાય છે ત્યાં સરકારી પડતર અથવા ગૌચરની જમીન હોય ત્યારે પ્રવર્તમાન જમીનની કિંમતના ૧૦% રકમ સરકારમાં જમા કરાવવાની રહે જેથી સરકારના ઉપરોકત કેસમાં ઘણું મોટું આર્થિક નુકશાન થયેલ છે.

ગુજરાત હાઈકોર્ટનાં સુઓ મોટો પિટિશનનાં તા. ૪/૧૦/૨૦૧૮ ના હુકમ અન્વયે શોર્ટ સર્કિટથી થતાં સિંહોના મૃત્યુ અંગે ચિંતા વ્યકત કરી સિંહોનાં રહેઠાણ વિસ્તારમાં ઔદ્યોગિક પ્રવૃતિ પર પ્રતિબંધ મુકવા જણાવેલ.

વધુમાં જણાવેલ છે કે, નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના મુળ અરજી ક્રમાંક ૬૦૦/૨૦૨૨ ના તારીખ ૨૦/૯/૨૦૨૨ ના ચુકાદા મુજબ ગીર રાષ્ટ્રીય ઉદ્યાન તથા અભ્યારણ્ય અને તેને લગત ઈકો સેન્સેટિવ ઝોન (ESZ) માં તમામ પ્રકારની ઔદ્યોગિક પ્રવૃતિ પર પ્રતિબંધ ફરમાવેલ છે.

પ્રતિબંધીત તથા આરક્ષિત વિસ્તારોમાં ઔદ્યોગિક પ્રવૃતિને મંજુરી આપવા માટેની નિષ્ણાંત કમિટીએ ધોલેરા ખાતેનાં સમાન પ્રકારનાં ૪૪૦૦ વોટનાં સોલાર પ્લાન્ટ માટે ફોરેસ્ટ ફલીયરન્સ/પુર્વ મંજુરીને નામંજુર કરી સોલાર પ્લાન્ટ દ્વારા આજુબાજુના વિસ્તારોનું તાપમાન વધતું હોવાની હકીકતને ધ્યાને લઈ તેની વન્યજીવ પર પડતી નકારાત્મક અસરને લીધે ઈકો સેન્સેટિવ ઝોન (ESZ)માં ઉપરોકત પ્રકારના પ્રોજેકટને મંજુરી ન આપવા વહીવટી તંત્રને ટકોર કરી હતી.

ઉપરોકત તમામ વિગતો ધ્યાને લેતા ધારી સોલાર પાર્ક પ્રા.લી. દ્વારા ગુજરાતના હૃદય સમાન ગીરની વન્ય સંપતિ તથા એશિયાનું અણમોલ રતન એવા એશિયાટિક સિંહ તથા અન્ય વન્ય જીવોના અસ્તિત્વ તથા રહેઠાણને ઉપરોકત પ્રોજેકટ ખુબજ જોખમી હોય ઉપરોકત વર્ણવેલ ગેરરીતિઓ ધ્યાને લઈ ગીરને પ્રાકૃતિક જીવનને સત્વરે ન્યાય અપાવવાં અંતમાં માંગ કરેલ છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે
આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં
ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ,
વ્હીલ–પ્લેટ–ઘરા, જેક–ફીલ્ટર,
ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

પિતૃપક્ષનાં શ્રાદ્ધ નિમિતે
મીઠીગુંદી ■ મગીયા લાડુ ■ ચુરમાના લાડુ
મોહનથાળ ■ ગુલાબજાંબુ ■ ટોપરાપાક
સ્પે. ખમણ
હાજરમાં મળશે
ખજૂરની ચટણી સાથે...
શિવ (ધારીવાળા)
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
અન્ય જગ્યાએથી લીધેલા કે જુના કાનના મશીન ઉપર ખાસ Exchange ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર
■ સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલિકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪












### ઇઝરાયલ અને પેલેસ્ટિનિયન યુદ્ધને લઈ વધુ એક મોટા સમાચાર

# સીરીયાના દમાસ્કસ અને અલેપ્પો એરપોર્ટ પર ઈઝરાયેલનો રોકેટમારો

## અલેપ્પો એરપોર્ટ પર ઈઝરાયેલના હુમલામાં નુકસાન થયું છે પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી, સીરિયન આર્મીએ આ બંને હુમલાની જવાબી કાર્યવાહી શરૂ કરી

દમાસ્કસ, તા.૧૨

ઈઝરાયલ અને પેલેસ્ટિનિયન યુદ્ધને લઈ વધુ એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ઈઝરાયેલે સીરિયાના દમાસ્કસ અને અલેપ્પોના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હવાઈ હુમલા શરૂ કર્યો છે. એવી સંભાવનાઓ છે કે, હુમલાઓમાં ઈરાનથી આવતા હથિયારોને નિશાન બનાવવામાં આવ્યા છે. સ્થાનિક મીડિયા અહેવાલ અનુસાર, સીરિયન આર્મીએ આ બંને હુમલાની જવાબી કાર્યવાહી શરૂ કરી દીધી છે. એવું પણ સામે આવી રહ્યું છે કે, અલેપ્પો એરપોર્ટ પર ઈઝરાયેલના હુમલામાં નુકસાન થયું છે પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. સીરિયાના મીડિયા અહેવાલ અનુસાર, સૈન્ય સૂત્રોના આધારે આ હુમલો આજે ઈઝરાયેલની સેના દ્વારા અલેપ્પો અને દમાસ્કસ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રોકેટ છોડી કરવામાં આવ્યો હતો. જેના કારણે એરપોર્ટના રનવેને નુકસાન થયું છે. આ હુમલો ગાઝામાં ઈઝરાયેલના ગુનાઓ પરથી દુનિયાનું ધ્યાન હટાવવાનો પ્રયાસ છે. ઉપરાંત ઈરાન દ્વારા ગાઝાને મોકલવામાં આવતા હથિયારોને લઈ જાણકારી મળી હતી જેના કારણે આ હુમલો થયાની સંભાવના | પણ વ્યક્ત કરવામાં આવી છે.

### હમાસ પર ઈઝરાયલના હુમલાની વચ્ચે મોટા સમાચાર

## હમાસનો ઈઝરાયલના ગુરિયન એરપોર્ટ પર રોકેટમારો, મુસાફરો સુરક્ષિત

તેલઅવિવ, તા.૧૨

ગાઝા પટ્ટી માં હમાસના આતંકવાદી પર ઈઝરાયેલ દ્વારા વળતો જવાબ આપતા સતત હુમલા ચાલુ છે અને આ હુમલાઓમાં ઘણા આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે ત્યારે આ વચ્ચે મોટા સમાચાર આવી રહ્યા છે કે હમાસ દ્વારા પણ મોટો હુમલો કરવામાં આવ્યો છે જેમા ઈઝરાયેલના સૌથી મોટા બેન ગુરિયન એરપોર્ટ તરફ રોકેટ છોડ્યા છે. આ હુમલા બાદ તમામ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. હાલ તમામ મુસાફરો સુરક્ષિત છે તેવું અધિકારીઓએ જણાવ્યું છે. ઈઝરાયેલમાં ગઈકાલે લેબનોન થી ઘણા શંકાસ્પદ વિમાનો પ્રવેશ્યા બાદ સાયરન વાગવા લાગ્યું હતું. આ બાદ ઉત્તરી ઈઝરાયેલના લોકોને સલામત સ્થળે આશ્રય લેવા માટે કહેવામાં આવ્યું હતું. બીજી બાજુ ઈઝરાયેલની સેનાએ આ ઘટનાને નકારી કાઢી છે. સેનાના પ્રવક્તાએ કહ્યું હતું કે લેબનોનથી આવા કોઈ વિમાન ઈઝરાયેલમાં પ્રવેશ્યા નથી. હાલ આ માનવીય ભૂલ છે કે ટેક્નિકલ તેની તપાસ ચાલી રહી છે. આ યુદ્ધ દરમિયાન ઈઝરાયેલે આતંકી સંગઠન હમાસના સંસ્થાપક સદસ્ય પૈકીના એર અબ્દ અલ ફતહને ગાઝામાં મારી નાખ્યો હોવાનો દાવો કર્યો છે. અબ્દ અલ ફતહને અબૂ ઓસામા નામથી પણ ઓળખવામાં આવતો હતો. મધ્ય ગાઝામાં ઈઝરાયલના ફાઈટર વિમાનોએ બોંબ હુમલામાં મોતને ઘાટ ઉતાર્યો હતો.

### ગંગાજળ પર ૧૮ ટકા જીએસટીની આકરી ટીકા

# સરકારની લૂંટ અને પાખંડની પરાકાષ્ઠા, નરેન્દ્ર મોદી મણિપુર ક્યારે જશે : ખડગે

## કોંગ્રેસે તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર મણિપુરની સ્થિતિનો એક મિનિટનો એનિમેટેડ વીડિયો પણ શેર કર્યો

નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસે ગંગાજળ પર કથિત રીતે ૧૮ ટકા જીએસટી લગાવવાના મોદી સરકારના નિર્ણયની આકરી ટીકા કરી હતી અને તેને લૂંટ તથા પાખંડની પરાકાષ્ઠા ગણાવી હતી. વડાપ્રધાન મોદીએ ગુરુવારે ઉત્તરાખંડની એક દિવસની મુલાકાત લીધી હતી જેના પર કોંગ્રેસે સવાલો ઊઠાવ્યા હતા.

કોંગ્રેસે પૂછ્યું કે પીએમ મોદી એ પણ જણાવી દો કે તમે મણિપુર ક્યારે જશો? કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ ટ્વિટર પર કહ્યું કે મોદીજી મોક્ષ આપનાર મા ગંગાનું મહત્ત્વ એક આમ ભારતીય માટે જન્મથી લઈને જીવનના અંત સુધી અત્યંત વધારે છે.

આ સારું છે કે તમે આજે ઉત્તરાખંડમાં છો પણ તમારી જ સરકારે પવિત્ર ગંગાજળ પર જીએસટી લાદી દીધો છે એ પણ ૧૮ ટકા. તમે એક પણ વાર નથી વિચાર્યું કે એ લોકો પર શું અસર થશે જે પોતાના ઘરોમાં ગંગાજળ રાખવા માટે તેને ઓર્ડર કરીને મગાવે છે.

ખડગેએ કહ્યું કે આ મોદી સરકારની લૂંટ અને પાખંડની પરાકાષ્ઠા છે. કોંગ્રેસે તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર મણિપુરની સ્થિતિનો એક મિનિટનો એનિમેટેડ વીડિયો પણ શેર કર્યો છે જેમાં શબના પડ્યાં હોવા અને હિંસાને કારણે રાજ્યના સળગવાના દૃશ્યો દેખાઈ રહ્યા છે. કોંગ્રેસે કહ્યું કે દેશ પૂછે છે કે પીએમ મોદી મણિપુર ક્યારે જશે?

### નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ દુર્ઘટનાની તપાસ શરૂ

# બિહાર રેલ દુર્ઘટનામાં કાવતરાની શંકા, અનેક પાટા તૂટેલા મળ્યા

## તપાસ દરમિયાન રેલવેના પાટા અનેક જગ્યાએ તૂટી આવેલાં મળ્યા હતા, પાટા સાથે છેડછાડ કરાઈ હોવાની આશંકા વ્યક્ત કરાઈ છે

નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીના આનંદ વિહાર ટર્મિનલથી કામાખ્યા જતી નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ દુર્ઘટના થયા બાદ તપાસ શરૂ થઈ ચૂકી છે.

રેલવે બોર્ડે દુર્ઘટનાના તાત્કાલિક બાદ હાઈ લેવલની તપાસના આદેશ કર્યા હતા. તપાસ દરમિયાન રેલવેના પાટા અનેક જગ્યાએ તૂટી આવેલાં મળ્યા હતા. પાટા સાથે છેડછાડ કરાઈ હોવાની આશંકા વ્યક્ત કરાઈ છે.

આ મામલે અધિકારીઓ અત્યાર સુધી કોઈપણ ટિપ્પણી કરતાં બચી રહ્યા છે. પણ શું આ દુર્ઘટનાનું કારણ કોઈ ટેક્નિકલ ખામી હતી? કે પાટા પર અવરોધ હતો કે ટ્રેન પસાર થાય તે પહેલાં જ પાટા તૂટેલાં હતા એ તમામ પોઈન્ટ પર તપાસ શરૂ કરી દેવામાં આવી છે. અત્યાર સુધીની તપાસમાં એ જાણવા મળ્યું કે બક્સરથી નીકળ્યાં બાદ નવ મિનિટમાં જ નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી. જે સમયે દુર્ઘટના સર્જાઈ તે સમયે ટ્રેનની ઝડપ ૧૧૦થી ૧૨૦ કિ.મી. પ્રતિકલાક હતી. એટલા માટે જ એક બે સિવાય લગભગ ૨૧ જેટલાં ડબા પાટા પરથી ઉતરી ગયા હતા.

સદભાગ્યે કોઈ બીજી ટ્રેનનો ત્યાંથી પસાર થવાનો સમય નહોતો નહીંતર ફરી મોટી રેલવે દુર્ઘટના સર્જાઈ હોત.

### ભારત પર ચીનની જેમ જ ભારે ભરખમ દેવું

# ભારતનું વર્તમાન દેવું જીડીપીના ૮૧.૯ ટકા, ચીનની જેમ નહીં વધે

## ભારત દેવા સંબંધિત જોખમોને ઘટાડવા મધ્યમગાળામાં ખાધ ઘટાડવા રાજકોષીય સશક્તિકરણ યોજના બનાવે

નવી દિલ્હી, તા.૧૨

ભારત પર ચીનની જેમ જ ભારે ભરખમ દેવું થઈ ગયું છે. તેમ છતાં પાડોશી દેશોની સરખામણીમાં ભારત સામે દેવા સંબંધિત જોખમો ઓછા છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) એ જણાવ્યું હતું કે ભારતે દેવા સંબંધિત જોખમોને ઘટાડવા માટે મધ્યમગાળામાં ખાધ ઘટાડવા માટે મહત્વાકાંક્ષી રાજકોષીય સશક્તિકરણ યોજના બનાવવી જોઈએ. આઈએમએફખાતે રાજકોષીય બાબતોના ડેપ્યુટી ડાયરેક્ટર રૂડ ડી મોઈઝે જણાવ્યું હતું કે ભારતનું વર્તમાન દેવું જીડીપીના ૮૧.૯ ટકા છે. ચીનના કિસ્સામાં આ પ્રમાણ ૮૩ ટકા છે.

આ રીતે, બંને દેશો લગભગ સમાન સ્થિતિમાં છે. જો કે કોરોના મહામારી પહેલા ભારતનું દેવું ૨૦૧૯ માં જીડીપીના ૭૫ ટકા હતું. મોઈઝે કહ્યું કે, ભવિષ્યમાં ભારતનું દેવું ચીનની જેમ વધવાની શક્યતા નથી, પરંતુ તે ઘટવાની સંભાવના છે.

૨૦૨૮માં ભારતનું દેવું જીડીપીના ૧.૫ ટકા ઘટીને ૮૦.૪ ટકા થઈ જશે. તેમણે કહ્યું કે, ભારતનો આર્થિક વિકાસ દર ઊંચો છે અને તે આ જોખમ ઘટાડવામાં મદદ કરશે. ઊંચો વિકાસદર પણ દેવું અને જીડીપી રેશિયો સાથે સંબંધ ધરાવે છે.

મોઈઝે કહ્યું કે ભારતમાં કેટલાક રાજ્યો પર ઘણું દેવું છે. તેમણે વ્યાજના ભારે બોજનો સામનો કરવો પડે છે. આ એક પરિબળ છે જે ભારત માટે પણ જોખમી છે. જો કે, આ જોખમોને પહોંચી વળવા માટે ભારત જે રીતે રાજકોષીય સશક્તિકરણનો ઉપયોગી રીતે સમર્થન આપી શકે છે તે પૈકી એક રીત ટેક્નિકલ પ્રણાલીને મજબૂત કરવી છે.

આઈએમએફ અધિકારી એ કહ્યું કે, ભારતમાં ૨૦૨૩માં રાજકોષીય ખાધ ૮.૮ ટકા રહી શકે છે. તેનો મોટો હિસ્સો વ્યાજ ખર્ચને કારણે છે, કારણ કે ભારત તેના દેવા પર વધુ વ્યાજ ચૂકવે છે, જે જીડીપીના ૫.૪ ટકા છે. પ્રાથમિક ખાધ ૩.૪% રહેવાથી રાજકોષીય ખાધ ૮.૮% સુધી પહોંચશે.

પૂર્વ આર્થિક બાબતોના સચિવ અતનુ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે મજબૂત માગ અને નિકાસના આધારે ભારત ૨૦૫૦ સુધીમાં ૩૦ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બની શકે છે.

### આઈટી, એફએમસીજી સેક્ટોરલ ઈન્ડેક્સમાં ઘટાડો

# સેન્સેક્સ ૬૫ પોઈન્ટ ઘટ્યો, નિફ્ટી ૧૯૮૦૦ની નીચે બંધ

મુંબઈ, તા.૧૨

સકારાત્મક સંકેતોને કારણે ગુરુવારે ઉછાળા સાથે ખુલેલા બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીએ તેમનો લાભ ગુમાવ્યો અને ઘટાડા સાથે બંધ થયા. બીએસઈસેન્સેક્સ ૬૪.૬૬ પોઈન્ટ અથવા ૦.૦૯૭% ના ઘટાડા સાથે ૬૬,૪૦૮.૩૯ પર બંધ થયો. એનએસઈનિફ્ટી ૨૭.૫૦ પોઈન્ટ અથવા ૦.૧૪% ઘટીને ૧૯,૭૮૩.૮૫ પર બંધ થયો. આઈટી, એફએમસીજી સેક્ટોરલ ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે, નિફ્ટી બેંક, નિફ્ટી મિડકેપ, નિફ્ટી ઓટો અને ફાર્મામાં વધારો નોંધાયો હતો.

ુરુવારે, જાપાન, ચીન અને હોંગકોંગ સહિતના એશિયન બજારોમાં હકારાત્મક ટ્રેડિંગને કારણે ભારતીય સ્થાનિક શેરબજાર સવારે મજબૂત નોંધ પર ખુલ્યું હતું, પરંતુ તે વધારો સાંજ સુધી ટકી શક્યો ન હતો. સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાન સાથે બંધ થયા છે.

ઈન્ડસઈન્ડ બેંક, ટાટા મોટર્સ, જેએસડબલ્યુસ્ટીલ, આસીઆઈસીઆબેંક, મારુતિ, ટાટા સ્ટીલ અને એમએન્ડએમશરૂઆતના વેપારમાં અગ્રણી સાથે સેન્સેક્સ પેકના ૧૬ શેરો લીલા રંગમાં બંધ થયા હતા. તે જ સમયે, ૧૪ શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા. આટીઅગ્રણી ટીસીએસમાં ૧ ટકાથી વધુના ઘટાડાથી નફામાં ઘટાડો થયો હતો, જે સેન્સેક્સમાં અગ્રણી લુઝર તરીકે ઉભરી હતી.

ટીસીએસએ કહ્યું છે કે સુસ્ત આર્થિક વાતાવરણ વચ્ચે આટીસેક્ટર માટે પ્રતિકૂળ પરિસ્થિતિઓ ચાલુ છે. આ સાથે ટેક મહિન્દ્રા, ઈન્ફોસીસ અને વિપ્રો જેવા અન્ય આઈટી શેરોમાં પણ ઘટાડો નોંધાયો હતો.રિલાયન્સ, એચયુએલ, એલએન્ડટી અને ભારતી એરટેલમાં નુકસાનની પણ બેન્ચમાર્ક ઈન્ડેક્સ પર વિપરીત અસર થઈ હતી.

એમએમટીસીનો શેર ૧૯.૮૮%ના જંગી ઉછાળા પછી ટોપ ગેઈનર્સ સ્ટોકમાં સામેલ થયો હતો. તે જ સમયે, લિન્ડે ઈન્ડિયા ૧૩.૯૭% અને ઓમેક્સ ૯.૯૭%, નિપ્પોન લાઈફ ઈન્ડિયા ૮.૧૨%, મોઈલ ૭.૯૫% શેર વધ્યા. તે જ સમયે, ફ્યુચર્સ કન્ઝ્યુમર શેર સૌથી વધુ ૫.૮૮% ઘટીને ટોપ લુઝર્સમાં હતો. એ જ રીતે સુંદરમ ફાઈનાન્સ ૪.૦૭%, ફિનોલેક્સ કેબલ્સ ૩.૧૧%, સ્ટર્લિંગ એન્ડ વિલ્સન ૨.૮૫% અને ટેક મહિન્દ્રાનો શેર ૨.૬૬% ઘટ્યો.

જિયોજીત ફાઈનાન્શિયલ સર્વિસિસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજયકુમારે જણાવ્યું હતું કે સકારાત્મક વિકાસ છે જે બજારમાં તેજીને મજબૂત બનાવી શકે છે. ડૉલર ઈન્ડેક્સ અને યુએસ બોન્ડ યીલ્ડમાં સતત ઘટાડો, ક્રૂડ ઓઈલમાં ઘટાડો અને કેશ માર્કેટમાં એફઆઈઆઈના વેચાણમાં તીવ્ર ઘટાડો એ બજાર માટે મોટી હકારાત્મક બાબતો છે.

### રિટેલ ઈંફ્લેશનમાં થયો મોટો ઘટાડો

# તહેવારો પહેલા સામાન્ય લોકોને મોંઘવારીમાંથી મળી મોટી રાહત

## રિટેલ ફુગાવો સપ્ટેમ્બરમાં ઘટીને ૫.૦૨ ટકા થયો છે

નવી દિલ્હી, તા.૧૨

ખાદ્ય ચીજોના ભાવમાં ઘટાડાને કારણે સપ્ટેમ્બર ૨૦૨૩માં છૂટક ફુગાવાના દરમાં ઘટાડો થયો છે. રિટેલ ફુગાવો સપ્ટેમ્બરમાં ઘટીને ૫.૦૨ ટકા થયો છે જે ઓગસ્ટમાં ૬.૮૩ ટકા હતો.

આ અગાઉ જુલાઈ ૨૦૨૩માં છૂટક ફુગાવો ૭.૪૪ ટકાના ૧૫ મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. રાહતની વાત એ છે કે સપ્ટેમ્બર મહિનામાં છૂટક ફુગાવાનો દર હવે આરબીઆઈના ટોલરેસ બેન્ડના ૬ ટકાના ઉપલા સ્તરથી નીચે આવી ગયો છે. મંત્રાલયના આંકડા અનુસાર સપ્ટેમ્બર મહિનામાં ખાદ્ય મોંઘવારી દરમાં મોટો ઘટાડો નોંધાયો છે. ખાદ્ય ફુગાવાનો દર સપ્ટેમ્બરમાં ઘટીને ૬.૫૬ ટકા થયો હતો જે ઓગસ્ટમાં ૯.૯૪ ટકા હતો. જો કે ગ્રામ્ય વિસ્તારોમાં મોંઘવારી હજુ પણ લોકોને પરેશાન કરી રહી છે. ગ્રામીણ વિસ્તારોમાં છૂટક ફુગાવાનો દર ૫.૩૩ ટકા છે જ્યારે ખાદ્ય ફુગાવાનો દર ૬.૬૫ ટકા છે.

સપ્ટેમ્બર મહિનામાં શાકભાજીના ભાવમાં મોટો ઘટાડો થયો છે, જેના કારણે શાકભાજીનો મોંઘવારી દર ઘટીને ૩.૩૯ ટકા પર આવી ગયો છે જે ઓગસ્ટમાં ૨૬.૧૪ ટકા હતો.

જો કે કઠોળનો મોંઘવારી દર વધ્યો છે. કઠોળનો મોંઘવારી દર સપ્ટેમ્બરમાં વધીને ૧૬.૩૮ ટકા થયો છે જે ઓગસ્ટમાં ૧૩.૦૪ ટકા હતો.

મસાલાના ફુગાવાના દરમાં થોડો ઘટાડો થયો છે અને તે ૨૩.૦૬ ટકા રહ્યો છે જે ઓગસ્ટમાં ૨૩.૧૯ ટકા હતો. દૂધ અને તેનાથી સંબંધિત ઉત્પાદનોનો મોંઘવારી દર પણ ઘટીને ૬.૮૯ ટકા પર આવી ગયો છે જે ઓગસ્ટમાં ૭.૭૩ ટકા હતો. અનાજ અને સંબંધિત ઉત્પાદનોનો ફુગાવાનો દર પણ નીચે આવ્યો છે અને સપ્ટેમ્બરમાં તે ૧૦.૯૫ ટકા હતો જે ઓગસ્ટમાં ૧૧.૮૫ ટકા હતો.

રિટેલ ફુગાવાના આંકડામાં મોટા ઘટાડાથી RBIને મોટી રાહત મળી હશે. રિટેલ ફુગાવો આરબીઆઈના ટોલરેંસ બેન્ડના ઉપલા બેન્ડ કરતાં ૬ ટકા નીચે ગયો છે. ફુગાવાના સંદર્ભમાં, આરબીઆઈએ ૨ થી ૬ ટકાનો ટોલરેંસ બેન્ડ નક્કી કર્યો છે. ઈંમ્એ મોંઘવારી દરને ૪ ટકા સુધી લાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે.

### ઈઝરાયલના વડાપ્રધાનનો પડકાર

# હમાસનું પૃથ્વી પરથી અસ્તિત્વ જ મિટાવી દઈશું : નેતન્યાહૂ

## પેલેસ્ટિની આતંકી સમૂહના તમામ આતંકીઓના મોત હવે નિશ્ચિત હોવાનો ઈઝરાયલના વડાપ્રધાનનો દાવો

તેલએવિવ, તા.૧૨

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધની સ્થિતિ દરમિયાન ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે હમાસનું અસ્તિત્વ જ પૃથ્વી પરથી મિટાવી દઈશું. તેમણે કહ્યું કે પેલેસ્ટિની આતંકી સમૂહના તમામ આતંકીઓના મોત હવે નિશ્ચિત છે.

શનિવારે હમાસ તરફથી ઈઝરાયલ પર ભયાનક હુમલા બાદ પ્રથમ વખત નેતન્યાહૂએ હમાસનો ખાત્મો બોલાવી દેવા વિશે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે હમાસ દાએશ જેવું છે જેને ઈસ્લામિક સ્ટેટ સમૂહ તરીકે ઓળખવામાં આવતું હતું.

અમે હમાસનો અંત લાવી દઈશું જે રીતે દાએશને દુનિયાને ખતમ કરી દીધો. જ્યારે ઈઝરાયલના સંરક્ષણમાંત્રી યોઆવ ગેલેન્ટે કહ્યું કે અમે પૃથ્વી પરથી જ હમાસના અસ્તિત્વનું અંત લાવી દઈશું. નેતન્યાહૂએ યુદ્ધ વચ્ચે અસ્થાયી રીતે રાજકીય મતભેદો ભૂલીને સરકારમાં વિપક્ષને સામેલ કરીને એક યુનિટી સરકારની રચના કરી દીધી છે. આ નવી ઈમરજન્સી સરકારમાં પૂર્વ સંરક્ષણમંત્રી બેની ગેન્ટ્સને સામેલ કરાયા છે.

સંયુક્ત રાષ્ટ્રના આંકડા અનુસાર ગાઝા પર ઈઝરાયલના બેફામ હુમલાઓને પગલે અત્યાર સુધી ૩ લાખ ૩૮ હજાર ગાઝાવાસીઓએ તેમના નિવાસ ગુમાવવા પડ્યા છે. એક અહેવાલ અનુસાર ઈઝરાયલે હમાસના કબજાવાળા ગાઝાપટ્ટીમાં લગભગ ૩ લાખ રિઝર્વ ફોર્સ તહેનાત કરી દીધી છે.

### સૌરાષ્ટ્રનાં મોટા ભાગના તાલુકાઓમાં મધ્યાહન ભોજનનો જથ્થો મળ્યો નથી

# મધ્યાહન ભોજન લેતા ૪૨ લાખ બાળકોને મળતા મધ્યાહન ભોજન પર સંકટ

## હાલ શ્રાદ્ધ ચાલતું હોવાથી દાતાઓ દ્વારા અપાતા તિથિ ભોજન પર મોટા ભાગના મધ્યાહન ભોજન કેન્દ્રો નિર્ભર છે

અમદાવાદ, તા.૧૨

બાળકોને યોગ્ય ભોજન નહીં મળવાથી તેમના પોષણ પર ગંભીર અસર પડી રહી છે. એક તરફ સરકાર કુપોષણ દૂર કરવાની મોટી મોટી વાતો કરે છે.

રાજ્યમાં હજારો ગરીબ બાળકોને ભૂખે રહેવાનો વારો આવ્યો છે. કારણ કે મધ્યાહન ભોજન લેતા ૪૨ લાખ બાળકોને મળતા મધ્યાહન ભોજન પર સંકટ આવી પડ્યું છે. સૌરાષ્ટ્રનાં મોટા ભાગના તાલુકાઓમાં મધ્યાહન ભોજનનો જથ્થો મળ્યો નથી. તો ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં પણ ઘઉં, ચણા, દાળ અને તેલનો પુરતો જથ્થો મધ્યાહન યોજનાના સંચાલકોને મળ્યો નથી. પરિણામે તિથિ ભોજન પર બાળકોને નિર્ભર રહેવું પડે છે.

બાળકોને યોગ્ય ભોજન નહીં મળવાથી તેમના પોષણ પર ગંભીર અસર પડી રહી છે. એક તરફ સરકાર કુપોષણ દૂર કરવાની મોટી મોટી વાતો કરે છે. બીજી તરફ સરકારની યોજનાનું પાલન થઈ રહ્યું નથી. જેને લઈ વાલીઓમાં સરકાર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ છેલ્લા ૪થી ૫ મહિનાથી ઘઉં,ચણા, દાળ અને તેલનો પૂરતો જથ્થો નથી મળી રહ્યો.

હાલ શ્રાદ્ધ ચાલતું હોવાથી દાતાઓ દ્વારા અપાતા તિથિ ભોજન પર મોટા ભાગના મધ્યાહન ભોજન કેન્દ્રો નિર્ભર છે. આવનાર ૧૫ તારીખ સુધીમાં જો પૂરતો જથ્થો નહિ મળે તો અનેક મધ્યાહન ભોજન કેન્દ્રો બંધ કરવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. કેટલાક કેન્દ્રોમાં દરરોજ માત્ર ભાત આપવા પડે છે. ત્યારે વાલીઓ સાથે ઘર્ષણ પણ થવાના બનાવો બને છે. પુરવઠા વિભાગને અનેક રજૂઆતો છતાં પૂરતો જથ્થો નથી મળી રહ્યો. આવનારા ૩-૪ દિવસમાં જથ્થો પહોચાડવા સરકાર પાસે માગ કરી છે.

### બિહારમાં ટ્રેન દુર્ઘટનામાં સરકાર દ્વારા સહાયની જાહેરાત

# ટ્રેન દુર્ઘટનાના મૃતકોના પરિવારને રૂપિયા ૧૪ લાખની સહાય અપાશે

નવી દિલ્હી, તા.૧૨

ગઈકાલે બિહારના બક્સરમાં ભયંકર ટ્રેન દુર્ઘટના સર્જાય હતી. આ દુર્ઘટનામાં મૃતકો અને ઘાયલ થયેલા લોકો માટે રેલવે દ્વારા એક્સ-ગ્રેશિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે. મૃતકોના પરિવારને ૧૦-૧૦ લાખ રૂપિયા અને ઘાયલોના પરિવારને ૫૦-૫૦ હજાર રૂપિયા આપવામાં આવશે. આ સિવાય બિહાર સરકારે દ્વારા પણ ટ્રેન દુર્ઘટનામાં માર્યા ગયેલા દરેકને ૪ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રકમ આપવામાં આવશે.

ગઈકાલે નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ ટ્રેન નંબર ૧૨૫૦૬ માં દુર્ઘટના સર્જાઈ હતી. ગઈકાલે લગભગ રાતે ૯.૪૫ વાગ્યે દાનાપુર-બક્સર રેલ્વે સેક્શન પર રઘુનાથપુર રેલ્વે સ્ટેશન નજીક ટ્રેન પાટા પરથી ઉતારી જતા દુર્ઘટના સર્જાઈ હતી. દુર્ઘટનાની માહિતી મળતાં જ ડુમરાઓના જીર્ડું કુમાર પંકજ અને બ્રહ્મપુર પોલીસ સ્ટેશન રાહત અને બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. રેલ્વે સૂત્રોએ જણાવ્યું હતું કે, રઘુનાથપુર રેલ્વે સ્ટેશન પાસે પોઈન્ટ બદલતી વખતે ટ્રેનમાં જોરદાર આંચકા અનુભવાયો હતો. ગ્રામજનોએ જણાવ્યું કે, રઘુનાથપુર પશ્ચિમ ગુમતી નજીક જોરદાર અવાજ સાથે ટ્રેનના ડબ્બા પાટા પરથી ઉતરી અને પલટી ગયા હતા. આ મામલે તરત જ ગામ લોકો દ્વારા વહીવટી તંત્રને જાણ કરવામાં આવી અને રેલવેના અધિકારીઓ પણ દુર્ઘટનાની જાણ થતા તરત ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

અહેવાલ અનુસાર, આ અકસ્માતમાં ટ્રેનના છ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. એક ડબ્બો બીજા ડબ્બા પર ચડી જતા ભયનો માહોલ સર્જાયો હતો. આ અકસ્માતમાં ચાર મુસાફરોના મોત થયા હોવાના અહેવાલ સામે આવ્યા હતા. કુલ ૧૦૦ મુસાફરો ઘાયલ થયા હતા. જો કે, કેટલા મુસાફરોના મોત થયા અને કેટલા ઘાયલ થયા તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

### ગુટલી લડ્ડુ ફિલ્મને લઇ વિવાદ


# ગુટલી લડ્ડુ ફિલ્મને લઇને વાલ્મિકી સમાજનો વિરોધ

## ગુજરાત હાઇકોર્ટે સેન્સર બોર્ડને ૨૪ કલાકમાં ખુલાસો કરવા આપ્યા નિર્દેશ

અમદાવાદ, તા.૧૨

ગુટલી લડ્ડુ ફિલ્મને લઈને વિવાદ વકર્યો છે. વાલ્મિકી સમાજ વિરૂદ્ધ ગેરબંધારણીય અને બિનસંસદીય ભાષાના પ્રયોગ સામે કોર્ટમાં અરજી કરાઈ છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે સેન્સર બોર્ડને ૨૪ કલાકમાં ખુલાસો કરવા પણ નિર્દેશ કર્યો છે. ગેરબંધારણીય શબ્દો ફિલ્મ અને ટ્રેલરમાંથી પણ દૂર કરવા અરજીમાં માગ કરવામાં આવી છે. ચોક્કસ શબ્દપ્રયોગથી વાલ્મિકી સમાજના લોકોની લાગણી દુભાતી હોવાની રજૂઆત કરવામાં આવી છે. અત્રે જણાવીએ કે, આવતીકાલે ૧૩મી ઓક્ટોબરે ફિલ્મ રિલીઝ થવાની છે. ત્યારે તત્કાલ રાહતની પણ અરજીમાં માગ કરાઈ છે. ગુજરાત હાઈકોર્ટે ફિલ્મના પ્રોડ્યુસર અને સેન્સર બોર્ડ સહિતના પક્ષકારોને નોટિસ ઈશ્યૂ કરી છે. ગુટલી લડ્ડુ ફિલ્મના પ્રોડ્યુસર પ્રદીપ રંગવાની છે. આ સમગ્ર મામલે આગામી દિવસોમાં સુનાવણી હાથ ધરાશે. પાપ્ત વિગતો મુજબ નિમેષ વાઘેલાએ વકીલ વિશાલ ઠક્કર દ્વારા આ ફિલ્મમાં વાલ્મિકી સમાજ માટે વપરાયેલા ચોક્કસ શબ્દને લઈને અરજી દાખલ કરવામાં આવી છે. અરજદારનું કહેવું છે કે, આ ફિલ્મમાં સંજય મિશ્રાએ અભિનય કર્યો છે અને આ ફિલ્મ સામાજિક ભેદભાવ અને શિક્ષણના મુદ્દાને લગતી ફિલ્મ છે. જેમાં વાલ્મીકિ સમાજ માટે જે શબ્દો વપરાયા છે તે દૂર કરવામાં આવે. વધુમાં અરજદારે કહ્યું છે કે, ફિલ્મમાં વપરાયેલા કેટલાક શબ્દો અસંવૈધાનિક છે, આ પ્રકારના શબ્દો વાપરવા તે એટ્રોસિટી એકટનો ભંગ છે.

# અમરેલીનાં તપોવન આશ્રમ ખાતે દિલીપ સંઘાણીના પીએ ઋજુલ ગોંડલીયાનાં જન્મદિને ગાયત્રી યજ્ઞ યોજાયો




સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત ''નિરાધારનો આધાર'' સારહિ તપોવન આશ્રમ ખાતે સંસ્થાના સ્વપ્ન દ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીના સંકલ્પ અનુસાર બની રહેલ તપોવન આશ્રમ ખાતે દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે, જેમાં આજરોજ તા.૦૮/૧૦/૨૦૨૩ ના રોજ સિવિલ હોસ્પિટલ અમરેલીના નિવૃત આર.એમ.ઓ. ડો. ગોંડલીયાના પુત્ર, સારહિ પરિવારના સભ્ય અને દિલીપભાઈ સંઘાણીના પી.એ. ઋજુલ ગોંડલીયાના જન્મ દિવસ નિમીતે ગાયત્રી યજ્ઞ યોજાયેલ. યજ્ઞ વિધિ ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ, અમરેલીના પરિજનો પંકજભાઈ રાજયગુરૂ, હરેશભાઈ જાની અને રશ્વિનભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવી હતી. આ તકે મુકેશભાઈ સંઘાણી, પ્રાગજીભાઈ કાલરીયા, નગરપ્રાથમિક શિક્ષણ સમીતીના ચેરમેન તુષારભાઈ જોષી, અતુલભાઈ પડસાલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. જેઓનો સારહિ પરિવારવતી આભાર માનવામાં આવેલ હતો. તેમ સંસ્થાની યાદીમાં જણાવાયેલ છે.

### ITC નર્મદા ખાતે રોકાશે ટીમ ઈન્ડિયા

## ટીમ ઈન્ડિયાનું અમદાવાદમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

### ૧૪મી ઓક્ટોબરે ભારત અને પાકિસ્તાનની ટીમ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સામસામે ટકરાશે

અમદાવાદ, તા.૧૨

ભારતની આન..બાન... અને શાન ગણાતી ટીમ ઈન્ડિયાનું અમદાવાદમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું..

વર્લ્ડ કપમાં પોતાના સફરને આગળ વધારવા અને પાકિસ્તાનને ફરી એકવાર પરાસ્ત કરવાના મક્કમ ઈરાદા સાથે ટીમ ઈન્ડિયા અમદાવાદની ધરતી પર ઉતરી ચુકી છે. રોહિત શર્માની કપ્તાનીમાં ટીમ ઈન્ડિયા વર્લ્ડ કપની આ ત્રીજી મેચ રમશે. ભારત અને પાકિસ્તાનની ટીમ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સામસામે ટકરાશે. ૧૪ ઓક્ટોબરે આ મેદાન પર ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે. ક્રિકેટ ચાહકો ભારત-પાકિસ્તાન મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ભારતીય સમય અનુસાર બપોરે ૨ વાગ્યે શરૂ થશે. ઉલ્લેખનીય છેકે, પ્રથમ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડની ટીમો આમને-સામને હતી. ૧૧ વર્ષ બાદ અમદાવાદ માં રમાશે ભારત પાકિસ્તાન વચ્ચે મેચ. ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનાર વર્લ્ડ કપ નો આઠમો મુકાબલો અમદાવાદ. આ પહેલાં અલગ અલગ વર્લ્ડ કપના મુકાબલાઓમાં સળંગ ૭ વાર પાકિસ્તાને પરાસ્ત કરી ચુક્યું છે ભારત. આ વખતે સળંગ આઠમીવાર પાકિસ્તાનને હરાવવાના ઈરાદા સાથે અમદાવાદની ધરતી પર ઉતરી છે ટીમ ઈન્ડિયા. કપ્તાન રોહિત શર્મા, વિરાટ કોહલી સહિતના દિગ્ગજ ખેલાડીઓથી ભરેલી ટીમ ઈન્ડિયા અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલી ભવ્ય હોટલમાં રોકાશે. ITC નર્મદા ખાતે રોકાશે ટીમ ઈન્ડિયા. એરપોર્ટથી બપોરે હોટેલ પહોંચી હતી ટીમ ઈન્ડિયા. આવતીકાલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરશે. સ્પેશિયલ ચાર્ટડ પ્લેન મારફતે ટીમ ઈન્ડિયા પહોંચી હતી અમદાવાદ. ટીમ ઈન્ડિયાના સ્વાગત માટે આ હોટેલમાં ભવ્યાંતિભવ્ય વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. આ મેચ માટે બાબર આઝમની આગેવાનીમાં પાકિસ્તાની ટીમ ૧૧ ઓક્ટોબરને બુધવારના રોજ અમદાવાદ પહોંચી ગઈ છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે પાકિસ્તાની ટીમ અમદાવાદ પહોંચી ગઈ છે. ગુજરાત પોલીસે સુરક્ષાના ભાગરૂપે લોખંડી બંદોબસ્તનું આયોજન કરી દીધું છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે પાકિસ્તાનની ટીમ બુધવારે અમદાવાદ આવી પહોંચી છે. આશ્રમરોડ પર આવેલી એક હોટલમાં રોકાણ અપાયું છે.

### ચક્ષુદાન મહાદાન

## ચક્ષુદાન કરાવો, બે અંધ વ્યકિતને દેખતા કરો




આંખમાં કીકીમાં એસિડ, આલ્કલી જેવા દ્રાવણની અસરથી, કાંકરી કે ધાતુની કરચ પડવાથી પૌષ્ટિક ખોરાકનાં અભાવથી, વાગવાથી વગેરે કારણોસર આંખની કીકીમાં આવેલ પારદર્શક કોર્નિયા અપારદર્શક બને છે યાને ફૂલુ પડે છે. તેથી આવી વ્યકિત જોવા અસમર્થ બનતા અંધ થાય છે. આમ અપારદર્શક થયેલ કોર્નિયાની જગ્યાએ મૃતકની કાર્યક્ષમ કોર્નિયા બેસાડવાથી દ્રષ્ટિ મળે છે. ૨૫% અંધત્વ કીકીના રોગને કારણે થાય છે. ભારતમાં દર વર્ષે આશરે ૩૦,૦૦૦ થી વધુ લોકો કીકીના કારણે અંધ થાય છે.

તેમાંના ૬૫% તો ૧૨ વર્ષથી નીચેના બાળકો છે મૃત્યુ પછી અગ્નિ સંસ્કારથી કે દફનાવી મૂલ્યવાન નેત્રો નાશ થાય તેના કરતા દાનમાં આપવાથી અંધને દ્રષ્ટિ દાન માટે, આંખના રોગના નિદાન, ઉપચાર, સંશોધન, દવા વગેરે માટે ઉપયોગમાં આવી શકે છે. મોટાભાગનાં લોકોને આઘાતને લીધે પોતાનાં મૃત સ્વજનનું ચક્ષુદાન કરાવવાનું યાદ આવતું નથી. ઘરમાં, પોળમાં, પાડોશમાં, સોસાયટીમાં સ્વજનને કે સ્નેહીજનને ત્યાં કોઈ મૃત્યુ પ્રસંગે આપ ઉપસ્થિત હોવ તો કટુંબીજનોને આશ્વાસનની સાથે ચક્ષુદાન માટે પ્રેરણા આપી ચક્ષુદાન અપાવવા પ્રયાસ કરી શકાય. ચક્ષુદાન કરવાથી બે અંધ વ્યકિતને દ્રષ્ટિ મળે છે. આપણી આસપાસ જ લાખો લોકો અંધ છે. જે સ્વર્ગસ્થના ચક્ષુદાન થકી દેખતા થઈ શકે છે.

ચક્ષુદાન કરવાથી મૃત વ્યકિતનાં શરીરને કોઈ હાની થતી નથી કે મૃત વ્યકિતનાં ચહેરા પર પણ કોઈ ફેરફાર દેખાતો નથી. ચક્ષુદાન કરવું એ દરેક ધર્મ માટે એક પુણ્યનું કામ છે. ચક્ષુદાન કરવા માટે કોઈ જાતનો ખર્ચ ભોગવવાનો રહેતો નથી. ચક્ષુદાન મૃત્યુ બાદ, બને તેટલું વહેલું, વધુમાં વધુ ૬ કલાક સુધીનાં સમયમાં થઈ શકે છે. જો એકિસડન્ટ કે એમ.એલ.સી. કેસ હોય તો પોસ્ટમોર્ટમ રૂમમાં, ગમે ત્યાં થઈ શકે છે. ચક્ષુદાન કરવા માટે ફકત એક ફોન કરવાનો રહે છે ત્યારબાદ ટીમ આવીને ચક્ષુદાન લઈ જશે, ચક્ષુદાનનું સંકલ્પ પત્ર ન ભર્યુ હોય તો પણ ચક્ષુદાન થઈ શકે છે. મૃતદેહ હોય તે રૂમમાં પંખો ચાલુ ન રાખવો. મૃત્યુ પછી પોપચાં ખુલ્લા રહયાં હોય તો ધીમેથી બંધ કરવા, અબીલ–ગુલાલ કંકુ છાંટવું નહી, આંખની કીકીની ખરાબીને કારણે અંધત્વ ભોગવતા લોકો દ્રષ્ટિ મેળવવા આંખની હોસ્પિટલનો સંપર્ક કરી શકે.

ચક્ષુદાન પ્રવૃતિને વેગ મળે તે માટે શહેરના સામાજીક આગેવાનો, સંતો–મહંતો, ધર્મ ગુરૂઓ, સેવા – સંસ્થાઓ, જ્ઞાતિ મંડળો, સેવાભાવી સ્વજનો તેમજ માનવતાપ્રેમી શહેરીજનો પોતાનાં પરિવારજનો કે સ્વજનોનાં અવસાન વેળાએ બળીને રાખ થઈ જતી આખોનું ચક્ષુદાન કરવાનો સંકલ્પ કરે તે સમયની માંગ છે. મોંઘો મળ્યો મનુષ્ય દેહ ફરી ફરીને મળે નહિ વારંવાર, હે ભાઈ તું કરી દેને ચક્ષુદાન. ઈશ્વરે સુંદર જીવન આપ્યું છે ત્યાં સુધી ભોગવીએ છીએ, પરંતુ મૃત્યુ પછી પણ જો જીવતા રહેવું હોય ? શરીરનાં જે અંગ મૃત્યુ પછી બળીને ભસ્મ થઈ જાય છે. તે અંગ બીજાને કામ આવે તો ?યુવાનીમાં રકતદાન, મૃત્યુબાદ ચક્ષુદાન–દેહદાન, બ્રેઈન ડેડ હોય તો અંગદાન.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### ખાલિસ્તાની આતંકીની હત્યાને લઈ ભારત-કેનેડા વચ્ચે તણાવ

## ભારતના વિદેશ પ્રધાનની કેનેડાના વિદેશ પ્રધાન સાથે ગુપ્ત મુલાકાત

વોશિંગ્ટન, તા.૧૨

કેનેડાએ ખાલિસ્તાની ત્રાસવાદીની હત્યાના મુદ્દે ભારત પર આરોપો મુક્યા પછી ભારત અને કેનેડાના સંબંધોમાં તણાવ પેદા થયો છે. પરંતુ હવે ફરીથી સંબંધો સુધારા પર આવશે કે કેમ તેત સવાલ છે. ભારતના વિદેશમંત્રી એસ જયશંકરે તાજેતરમાં કેનેડાના વિદેશમંત્રી મેલેઈન જોલી સાથે વોશિંગ્ટનમાં એક ગુપ્ત મુલાકાત યોજી હતી. આ મુલાકાત અમેરિકાના કહેવાથી યોજવામાં આવી હોવાનું કહેવાય છે, પરંતુ હજુ સુધી કંઈ સ્પષ્ટ નથી. કેનેડાએ કેટલાક મિડલ ઈસ્ટના દેશો સાથે પણ વાત કરી છે અને ભારત પર પ્રેશર લાવવા માટે પ્રયાસ કર્યો છે.

મેલેઈન જોલીએ જણાવ્યું છે કે હરદીપ સિંહ નિજ્જરની હત્યાના મામલે તેઓ ભારત સાથે પ્રાઈવેટ રીતે વાતચીત કરી રહ્યા છે. સપ્ટેમ્બર મહિનામાં જયશંકર અને જોલી વચ્ચે વાતચીત થઈ હતી તેવું ફાઈનાન્શિયલ ટાઈમ્સના એક અહેવાલમાં જણાવાયું હતું. નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોનો હાથ હતો તેવો આક્ષેપ કરવામાં આવ્યા પછી અમેરિકાનું કહેવું છે કે ભારતે કેનેડાને આ કેસની તપાસમાં સહયોગ આપવો જોઈએ.

આ દરમિયાન ભારતે કેનેડાને ભારતમાં પોતના ડિપ્લોમેટની સંખ્યામાં ઘટાડો કરવા કહ્યું હતું. કેનેડાએ ભારતમાં લગભગ ૬૨ ડિપ્લોમેટ ગોઠવ્યા હતા અને ભારતે તેની સંખ્યા ઘટીને ૨૦થી ૨૨ રાખવા કહ્યું છે.કેનેડાએ તાજેતરમાં પોતાના કેટલાક ડિપ્લોમેટને સિંગાપોર અને મલેશિયા જેવા દેશોમાં મોકલ્યા છે, પરંતુ ડિપ્લોમેટની સંખ્યા ઘટાડવાનું કામ હજુ પૂર્ણ નથી થયું. ભારતે ૧૦ ઓક્ટોબર સુધીમાં કેનેડાને પોતાના વધારાના ડિપ્લોમેટ હટાવવા કહ્યું હતું. જોકે, હજુ પણ ભારતમાં કેનેડાના ડિપ્લોમેટની સંખ્યા વધારે હોવાની શક્યતા છે.

આ દરમિયાન કેનેડાએ ભારતનો મુદ્દો અમેરિકા ઉપરાંત યુએઈ અને જોર્ડન સમક્ષ પણ ઉઠાવ્યો છે. હાલમાં મિડલ ઈસ્ટના દેશો હમાસ અને ઈઝરાયલના યુદ્ધ મામલે વ્યસ્ત છે ત્યારે કેનેડાએ ભારત પર દબાણ વધારવા માટે આ મામલે જોર્ડન અને યુએઈ સાથે વાત કરી છે. ભારતમાં ડિપ્લોમેટની મોટી સંખ્યા રાખવા માટે પણ એવું કારણ અપાય છે કે કેનેડામાં ૧૩ લાખ ભારતીયો વસે છે તેથી તેમના વિઝાને પ્રોસેસ કરવા વધારે સ્ટાફની જરૂર છે.ભારતમાં કેનેડાએ કેટલા ડિપ્લોમેટ રાખવા જોઈએ તે વિશે બંને દેશ વચ્ચે મતભેદ ચાલે છે. ભારતની દલીલ છે કે વિયેના એગ્રીમેન્ટ પ્રમાણે દેશોએ એકબીજાને ત્યાં ડિપ્લોમેટની સંખ્યા એક સરખી રાખવી જોઈએ. તેથી ભારતે કેનેડામાં જેટલા ડિપ્લોમેટને ગોઠવ્યા છે તેટલા જ અધિકારીઓ કેનેડાએ પણ ભારતમાં ગોઠવવા જોઈએ. પરંતુ કેનેડા આ વાત સાથે સહમત નથી.

### ઈઝરાયલની મહિલાની વિરતાને સલામ

## ઈઝરાયેલની ઇનબાર લિબરમેની ટીમે ૨૫ આતંકીઓને ઢાળી દીધા

તેલઅવિવ, તા.૧૨

ગત સપ્તાહ ઈઝરાયલ પર હમાસના હિચકારા હુમલાથી ખૂબ જાનહાની થઈ છે. ઈઝરાયેલના ૧૨૦૦થી વધુ નાગરિકોના મોત થયા છે જેમાં ૧૦૦ કરતા પણ વધારે ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સના જવાનો છે. ઈઝરાયેલ પોતાની સ્થાપના થયા પછીના ઈતિહાસમાં ઘર આંગણે આવી કરુણાંતિકા જોઈ નથી. ઈઝરાયેલની પ્રજા પરાક્રમી છે અને શસ્ત્રો ચલાવવાનું જાણે છે.

ઈઝરાયેલની મહિલાઓ પણ લડાઈમાં પાછી પાની કરતી નથી તે વાત ઈનબાર લિબરમેન નામની મહિલાએ સાબીત કર્યુ છે.લિબરમેનના પરાક્રમની સોશિયલ મીડિયા પર લોકો ખૂબ વખાણ કરી રહયા છે. ૨૫ વર્ષની આ મહિલાએ હમાસના આતંકીઓનો સામનો કર્યો હતો. ઈઝરાયેલ પર હુમલો થયો હોવાની શંકા થતા લિબરમેને ગામના લોકોનું એક ગ્રુપ તૈયાર કર્યુ હતું. કિબુત્ઝ નામની વસાહત પાસે હમાસના ૨૫ આતંકીઓને ઢાળી દીધા હતા. જેમાંથી ૫ આતંકીઓ આ એકલી મહિલાની ગોળીઓનો જ નિશાન બન્યા હતા. જો આ મહિલાએ અગમચેતી જઈને હમાસના આતંકીઓનો સામનો કર્યો ન હોતતો ઈઝરાયેલની સામૂહિક વસાહત ગણાતા કિબૂત્ઝને આતંકીઓએ બરબાદ કરી નાખ્યું હોત.ઈનેબલ લિબરમેન ડિસેમ્બર ૨૦૨૨ખી કિબુત્ઝ નીરઅમમાં સિકયોરિટી કો ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવતી હતી. શનિવારે તેણે બ્લાસ્ટ થવાનો અવાજ સાંભળવાની સાથે જ સૌને સર્તક કરી દીધા હતા. તેનો અનુભવ હતો કે બ્લાસ્ટનો અવાજ રુટિન રોકેટના અવાજ કરતા સાવ જુદા પ્રકારનો હતો.મહિલા ફરજ બજાવતી હતી એ વ્યુહાત્મક સ્થળ સેડરોટની નજીક અને ગાજા પટ્ટી વિસ્તારથી ખાસ દૂર નથી.લિબરમેન સર્તકતા દાખવીને આર્મ્સ ભંડારમાંથી શસ્ત્રો લઈ આવી હતી. ૧૨ સભ્યોની તેની ટીમને હાથમાં બંદૂકો આપી હતી. લિબરમેને કિબુત્ઝની પોતાની ટીમને વ્યુહાત્મક સ્થળે ગોઠવી હતી. ટીમે મોકો જોઈને હમાસના આતંકીઓ પર ગોળીઓ વરસાવવાનું શરુ કરતા આતંકીઓનો હુમલો નિષ્ફળ ગયો હતો કેટલાકને જીવતા પકડવામાં પણ કામયાબી મળી હતી. લિબરમેને નીરઅમ કિબુત્ઝને એક અભેદ કિલ્લામાં ફેરવી નાખ્યું હતું જો આમ ના થયું હોતતો કિબુત્ઝની વસાહતમાં રહેતા હજારો લોકોના જીવ જોખમમાં મુકાઈ ગયા હોત. ઈઝરાયેલની આ મહિલાની વીરતાની કહાની લોકો વર્ષો સુધી યાદ રાખશે.

### હોટેલ દ્વારા તૈયાર કરવામાં આવ્યું સ્પેશિયલ મેનુ

## પાકિસ્તાનની ટીમને ગુજરાતી થાળી અને પાત્રા પિરસાશે

અમદાવાદ, તા.૧૨


પાકિસ્તાનની ટીમ અમદાવાદ આવી ચુકી છે. અમદાવાદના આશ્રમ રોડ પર આવેલી હોટલ હયાત રેજન્સીમાં ટીમ રોકાઈ છે. સૌ પ્રથમ તો આપને જણાવી દઈએ કે, જો તમે ૧૧ ઓકટોબરથી ૧૫ ઓકટોબર સુધી અમદાવાદના આશ્રમ રોડ વિસ્તારની આ હોટલમાં રોકાવાના હોવ તો તમારે પ્રવેશ લેતી વખતે લાયસન્સ અને આધારકાર્ડ હાથ પર રાખવું પડશે.

હોટલ પ્રવેશ પર દરેક વ્યક્તિનું આધાર કાર્ડ અને ડ્રાઈવરનું લાયસન્સ ચેકીંગ આજથી શરુ કરવામાં આવ્યું છે. સિક્યોરીટી એજન્સીની તમામ વ્યવસ્થાની સાથે દરરોજ હોટલનું ફુલ ચેકિંગ થશે.અમદાવાદના હોટલ હયાત રેજન્સીમાં જે ભોજન બને છે તેમાં શાકભાજી અને ફળો સીધા જ ખેતરમાંથી આવે છે. આ સાથે ઓર્ગેનિક ખેતીથી પકવેલાં શાકભાજીનો ઉપયોગ કરવામાં આવી છે ત્યારે પાકિસ્તાનની ટીમને ગુજરાતી થાળી સાથે ઢોકળા અને પાત્રા પિરસવામાં આવશે.

આ અંગે હોટલના એક્ઝિક્યુટિવ શેફ સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે, પાક ટીમ માટે ૧૧ થી ૧૫ તારીખ સુધી તેમનાં શરીરને અનુરુપ અને ડાયટીશીયન સાથે વાત થયા બાદ મુજબ ભોજન પિરસાશે. તેમના દ્વારા એવાકાડોની ડિમાન્ડ કરવામાં આવી છે. સાથે પાંદડાવાળા શાકભાજી પહેલી પસંદ હોવાનુ પણ જણાવ્યું છે. બ્રેકફાસ્ટમાં બાફેલો ખોરાક અને ઓરેન્જ જ્યુસ પીરસાશે મોટાભાગે જે પણ પિરસવામાં આવે તે હેલ્ધી અને વેજેટેરિયન ફુડ પીરસાશે. ટીમ માટે ડિનરમાં કબાબ અને બિરયાની પણ તૈયાર કરવામાં આવ્યા છે. આ સિવાય મેચ પુરી થાય બાદ ટીમ હારે કે જીતે તે નક્કી નથી પરંતુ હોટલ દ્વારા કેક બનાવવામાં આવ્યો છે. ટીમ હારે તો પણ ટીમમાં જે ખેલાડીએ સારું પર્ફોમન્સ કર્યુ હશે તે માટે કેક બનાવવામાં આવે અને જો ટીમ જીતે તો જીત માટે અલગ કેક બનાવવામાં આવશે. ૧૫મી સ્પેશિયલ ગુજરાતી મેનુ તૈયાર કર્યુ હોવાથી સાત્વિક ખાવાનું પિરસાશે એટલે કે પાકિસ્તાનની ટીમને ગુજરાતી થાળીનો સ્વાદ ચાખવા મળશે. હોટલમાં પાકિસ્તાનની ટીમના કેપ્ટન બાબર આઝમે રિવર વ્યુ રૂમની ડિમાન્ડ કરી છે. આ સાથે ટીમનાં ઘણાં ખેલાડીઓને રિવર વ્યુ રૂમ આપવામાં આવ્યો છે.. ટીમ માટે વર્કઆઉટ અને ફિટનેસ માટે જીમ એરિયા તૈયાર કરવામાં આવ્યો છે. જ્યાં પાકિસ્તાનની ટીમ વર્કઆઉટ કરી શકશે.. આ સાથે ટીમ માટે પેસેજ એરિયા બ્રેકફાસ્ટ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે.

# લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા વિશ્વ દ્રષ્ટિ દિવસની થયેલ ઉજવણી







વિશ્વ દ્રષ્ટિ દિવસ, જે દર વર્ષે ઓકટોબરના બીજા ગુરૂવારે મનાવવામાં આવે છે, તે એક વૈશ્વિક ઘટના છે. અંધત્વ અને દ્રષ્ટિ તરફ ધ્યાન દોરવાનાં શુભાશયથી લાયન્સ કલબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા તેમજ સુદર્શન નેત્રાલય, અમરેલી અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર, મુંબઈનાં આર્થિક સહયોગથી તા.૧૨/૧૦/૨૦૨૩ ને ગુરૂવારે બપોરે ૩ કલાકે અમરેલી શહેરનાં નગરજનો અને ગ્રામજનો માટે જુના માર્કેટિંગ યાર્ડમાં પ્રથમ માળે આવેલ લાયન્સ હોલ (હોટલ લોર્ડસ ઈકો ઈનની સામે) માં અગિયારમાં વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું દીપ પ્રાગટય અમરેલી જિલ્લા સહકારી સંઘનાં ચેરમેન અને મનીષભાઈ સંઘાણીના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. મનીષભાઈ સંઘાણીએ આંખની સંભાળ અને અંધત્વ નિવારણ માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા નિયમિત રીતે કરવામાં આવતા નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પને શુભેચ્છા પાઠવી હતી. આ કેમ્પમાં લાયન સંજયભાઈ રામાણી પણ ઉપસ્થિત રહયા હતા.

# હૈદરાબાદ ખાતે દક્ષિણના રાજયોની સહકારી વિકાસ પરિષદમાં દિલીપ સંઘાણી ઉપસ્થિત રહ્યા



વડાપ્રધાન મોદી અને સહકાર મંત્રી શાહની સહકાર નીતી ભારતની અર્થવ્યવસ્થાને ૫ ટ્રિલીયન ડોલર બનાવવા તરફ દોરી જાય અને આ સહકારી પ્રવૃતિમાં દક્ષિણના રાજયોની ઉત્સાહપૂર્વકની સામેલગીરી ''સહકાર થી સમૃધ્ધિ'' ને વેગ આપશે. હૈદરાબાદ ખાતે નેશનલ કો–ઓપરેટીવ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત સહકારી વિકાસ પર દક્ષિણ રાજયોની પરિષદમાં બોલતા તેલંગણાના રાજયપાલ– પુંડુચેરીના લેફનટન્ટ ગર્વનર ડો. તિમિલિસાઈ સુંદરરાજન અને રાષ્ટ્રિય સહકારી આગેવાન દિલીપ સંઘાણીએ જણાવ્યુ હતુ. સંઘાણીએ વધુમાં જણાવ્યું કે, સહકારી સંસ્થાઓએ તેમની ટેકનીકલ અને નવિનતા ક્ષમતાને વધારવી પડશે જેથી વડાપ્રધાનના કાર્યક્ષેત્રને પરિપુર્ણ કરી શકાય. ''સહકાર દ્વારા સમૃધ્ધિ'' ના સુત્રનો અમલ કરી શકાય છે. આ કોન્ફરન્સમાં આંધપ્રદેશ, તામીલનાડુ, કર્ણાટક, તેલંગાણા, કેરળ, પુંડુચેરી જેવા દક્ષિણ પ્રદેશના રાજયોમાંથી સહકારી પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. લેફનટન્ટ ગર્વનર ડો. તમિલિસાઈ સુંદરરાજનએ સહકારી શિક્ષણ પર તાલીમ કાર્યક્રમો અને ક્ષેત્રીય પ્રોજેકટ દ્વારા ભારતમાં ખેડુતો–કારીગરોને સશકત બનાવવાના નેશનલ કો. ઓપરેટીવ યુનિયન (NCUI)ના પ્રયાસોની પ્રશંસા કરી. તમિલનાડુના પ્રસિધ્ધ કવિ અને ફિલસુફી સંત તિરૂવલુવરને યાદ કરીને ભારપુર્વક જણાવ્યુ કે સહકારી ફિલસુંફીએ સદીઓથી ભારતમાં પ્રચલીત જુની પ્રથા છે તેમણે વડાપ્રધાનના સહકાર થી સમૃધ્ધિ વિઝનને સાકાર કરવા ટેકનોલોજી અને નવિન અભિગમો દ્વારા સહકારી સંસ્થાઓની ક્ષમતા નિર્માણની જરૂરીયાત પર ભાર મુકયો હતો. ભારતને પાંચ ટ્રીલીયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા માટે સહકારી ક્ષેત્રે મહત્વપુર્ણ ભુમિકા ભજવવી પડશે. દિલીપ સંઘાણી પ્રેસિડેન્ટ નેશનલ કો. ઓપરેટીવ યુનિયન ઓફ ઈન્ડિયાને દેશમાં સહકારી સંસ્થાઓને છેલ્લા ત્રણ વર્ષમાં વિવિધ પહેલ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કોન્ફરન્સમાં સમય અને હાજરી આપવા બદલ રાજયપાલે દિલીપ સંઘાણીનો આભાર માન્યો હતો અને નેશનલ કો ઓપરેટીવ ઓફ ઈન્ડિયાની વિવિધ પ્રવૃતિઓ જેવી કે શિક્ષણ અને તાલીમ, પ્રાથમિક મંડળીઓના ઉત્પાદનોના માર્કેટીંગ માટે એનસીયુઆઈ હાર્ટનો પ્રચાર વગેરે પર પ્રકાશ પાડયો હતો. એક અલગ સહકાર મંત્રાલય બનાવવા અને મંત્રાલયનું નેતૃત્વ કરવા માટે અમિત શાહ જેવા અનુભવી સહકારી નેતાની નિમણુંક કરવા બદલ વડાપ્રધાનનો પણ આભાર માનવામાં આવ્યો હતો. નાફસ્કોબ અને તેલંગાણા રાજય સહકારી બેંકના ચેરમેન કે. રવિન્દ્ર રાવે તેલંગાણા રાજયના વિવિધ સંગઠનો સાથે સહયોગ માટે ભારતના રાષ્ટ્રીય સહકારી સંઘના પ્રયાસોની પ્રશંસા કરી અને તેલંગાણા રાજય સહકારી સંઘ દ્વારા શિક્ષણ અને તાલીમ પ્રણાલીને મજબુત કરવા માટે ભારતના રાષ્ટ્રીય સહકારી સંઘ પાસેથી સમર્થન માગ્યુ. ડો. સુધિર મહાજન સમાજના જરૂરીયાતમંદ વર્ગોને ટેકો આપવા માટે સહકારી ઓળખને પ્રોત્સાહન આપવા માટે સહકારી સંસ્થાઓને પ્રેરણા આપશે. તેમને તેલંગાણા સ્ટેટ કો. ઓપ. બેંક, એપેક્ષ બેંક અને તેલંગાણા સહકારી યુનિયનોના પ્રમુખો, મેનેજીંગ ડીરેકટરો અને અધિકારીઓએ કાર્યક્રમનું સફળ તાપુર્વક આયોજન કરવામાં મદદબન્યા હતા. આ તકે તેલંગાણા રાજય સહકારી માર્કેટીંગ ફેડરેશનના પ્રમુખ રમેશકુમાર બંગા, અર્બન કો.ઓપરેટીવ બેંકના પ્રમુખ આર. રામચંદ્રન સહિત વિવિધ રાજયો માંથી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા તેમ યાદીમા જણાવાયેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં સગર સમાજે

મારકૂટ કરીને હેરાન પરેશાન કરેલ છે. અમારા સમાજના ઉપરોકત બન્ને વ્યકિતઓ કોઈ રીઢા ગુન્હેગાર નથી કે તેની સામે ભૂતકાળમાં કોઈએ કોઈ ફરિયાદ પણ કરેલ નથી અને આ બન્ને લોકો ખેતમજૂરી કરી દાડી કરી પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ૫૬૬ નંબરવાળો જે ગુન્હો નોંધાયેલો છે તેમાં ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૦૪ લગાવવામાં આવેલી છે તેવા ગંભીર ગુન્હાના કામે પોલીસે અમારા સમાજના નિર્દોષ લોકોને ખોટી રીતે ધરપકડ કરી પુરી દીધેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીએ હાલની જે ફરિયાદ આપેલ છે તેમાં અમારા સમાજના આ બન્ને યુવાનોનાં નામ લખાવેલ નથી, ફરિયાદીએ આપેલી ફરિયાદમાં ''જુના ભુતીયા ગામની સીમમાં ગૌશાળા ફરતે ઈલેકટ્રીક કરંટ મુકનાર'' આવું દર્શાવીને ફરિયાદ કરેલ છે. તેમાં અમારા સમાજના બન્ને યુવાનોને પોલીસે કોઈ પુરાવા વગર ખોટી રીતે સંડોવી દીધેલ છે. આ કામે જમીનના માલીક તથા કબ્જેદાર માલેતુજાર લોકો હોય અને રાજકારણની મોટી વગ ધરાવતા હોય ગુન્હાના કામે પોતાની સંડોવણી તેમણે કરેલ ગુન્હા બદલ આ ફરિયાદ ન થાય તે માટે પોલીસને પણ ઉંધા ચશ્મા પહેરાવી અને અમારા સમાજના બે નિર્દોષ લોકોને ગંભીર ગુન્હાના કામે તેમના બદલે ફસાવી દીધેલ છે. જેથી આ કામે તટસ્થ તપાસ થાય અને ગુન્હો કરેલ વ્યકિતની ધરપકડ થાય અને તે રીતે સાચી હકીકત સમાજ સામે આવે તે ખૂબ જરૂરી છે અને તે માટે કોઈપણ પક્ષાપક્ષીથી દૂર રહી યોગ્ય તપાસ થાય. સમાજનાં નિર્દોષ લોકોને ન્યાય મળે તેમજ જે લોકો ગુન્હેગાર હોય તે પોતાના પૈસાના તથા પાવરના જોરે આવા ગંભીર ગુન્હામાંથી છટકી ન જાય તે માટે યોગ્ય કાનૂની કાર્યવાહી થાય તે ખૂબ જરૂરી છે અને આવી કાર્યવાહી જે લોકો આ કામે આરોપીઓ છે અને આઝાદીથી બહાર ફરે છે અને પોલીસની પકડથી દૂર છે તેમજ આ લોકો પોતાના પૈસાના જોરે કાયદાના લાંબા હાથ પણ તેમના સુધી પહોંચવા દે તેવી શકયતા નથી તેમજ પોતાની આઝાદીનો લાભ લઈ આ કામે ફરિયાદીએ જે ફરિયાદ કરેલ છે તેના પુરાવાનો નાશ કરી નાખે તેવી પણ પુરી શકયતાઓ હોય. જેથી આ કામે જે લોકો ફરિયાદની વિગતે કસુરવાર જણાય તે તમામ સામે તાત્કાલીક અસરથી સાચી દિશામાં યોગ્ય કાનૂની કાર્યવાહી થાય તે ખૂબ જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામે જે લોકોની ધરપકડ કરેલ છે તે અમારા સમાજના રાજુભાઈ મનજીભાઈ ગોહિલ સહિત બીજા વ્યકિત કાનજીભાઈ જીવરાજભાઈ શેલડીયાની પણ ખોટી રીતે ધરપકડ થયેલ હોય તેમના કુટુંબનું સાચી રીતે ન્યાય મળે તેમજ આ કામે તંત્ર તરફથી ઉંડી તપાસ કરી ખરેખર ગુન્હેગાર લોકો છે તે છટકી ન જાય તે માટે તેમને તથા ફરિયાદીને ન્યાય મળે તે માટે એક મહિલા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા માંગે છે અને તે માટે જરૂર જણાયે તેઓ ઉપવાસ આંદોલન કરવા તથા જરૂર જણાયે આત્મવિલોપન કરવા માંગતા હોય તે અંગેની રજૂઆત અમારા સમાજના આગેવાનોએ આગળ કરેલ છે અને તે બાબતની રજૂઆત આપ સમક્ષ દરમિયાન લેખિતમાં જુદા પત્રથી કરેલ છે.

આવી રીતે પૈસાદાર લોકો માત્ર પોતાના પૈસાની તાકાતથી પોતાની જાતને ગુન્હામાંથી ન્યાયની પ્રક્રિયામાંથી પસાર થયા વગર છોડાવી લે અને પોતાની જાતને છોડાવવા માટે થઈ નિર્દોષ લોકોનો ભોગ લઈ પોતાના કોલરને બચાવી લઈ સમાજમાં અને ગામમાં વાઈટ કોલરવાળા લોકો થઈ ફરે છે. આ બાબતે સાચી હકીકત તપાસ કરી અને જે હોય તે સામે આવે તે જરૂરી છે તેમ અંતમાં જણાવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૩૬ | ૧૨૫૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૪૫ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૨૫૦ |
| ૪ | તલ કાળા | ૨૮૮૦ | ૩૩૩૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૬૭૦ | ૩૬૭૦ |
| ૬ | બાજરો | ૩૩૩ | ૪૨૯ |
| ૭ | જુવાર | ૬૭૬ | ૬૭૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૭૪ |
| ૯ | ઘઉં લોકવન | ૪૭૭ | ૫૪૮ |
| ૧૦ | મગ | ૧૪૫૦ | ૧૮૪૫ |
| ૧૧ | અડદ | ૧૩૭૨ | ૧૭૬૧ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૩૧૧ |
| ૧૩ | કપાસ | ૯૯૦ | ૧૫૨૭ |
| ૧૪ | એરંડા | ૧૧૦૦ | ૧૧૨૧ |
| ૧૫ | ધાણા | ૧૧૬૬ | ૧૨૮૦ |
| ૧૬ | અજમા | ૨૩૪૦ | ૨૪૦૦ |
| ૧૭ | સોયાબીન | ૬૧૦ | ૮૬૯ |
| ૧૮ | રજકા બી | ૩૬૬૦ | ૩૬૬૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી એલસીબીએ આર્મ્સ એકટનાં

કેદ તથા રૂા. ૧૫૦૦૦ નાં દંડની સજાનો હુકમ થયેલ હોય, આરોપીને જેસર કોર્ટ, દ્વારા જારી કરવામાં આવેલ હોય મજકુર આરોપી સજા વોરંટથી ધરપકડ ટાળવા નાસતા ફરતો હોય, મજકુર આરોપીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી સજા વોરંટની ગઈ કાલ તા.૧૧/૧૦ નાં રોજ બજવણી કરી, સજા માટે જિલ્લા જેલ, ભાવનગર ખાતે સોંપી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં વાંકીયા ગામે

રાતે અગિયારેક વાગ્યે વાડીએ બધા સુઇ ગયા હતાં. આ વખતે વિનુભાઈનો દીકરો કલ્પેશ (ઉ.વ. ૫) ખાટલામાં તેના મોટા બા કસમાબેન સાથે સુતો હતો. ત્યારે અચાનક દીપડો ધસી આવ્યો હતો અને કલ્પેશને ઉઠાવી જવા હુમલો કરતાં તેના મોટા બા જાગી જતાં તેને પણ હાથની આંગળીમાં બટકુ ભરી લીધુ હતું. બાળકે અને કસમાબેને દેકારો મચાવતાં બીજા પરિવારજનો, મજૂરો જાગી જતાં હાંકલા પડકારા કરતાં દીપડો ભાગી ગયો હતો. ઘવાયેલા બાળક કલ્પેશને પ્રથમ અમરેલી સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયેલ છે. કલ્પેશ બે ભાઈ એક બહેનમાં નાનો છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ખાંભાના જામકા ગામે

ખાટાભાઈનો દીકરો કાળાભાઈ ખેતરમાં સરગવો પાડતો પાડતો ભૂંડા બોલી ગાળો બોલતો હતો.

જેથી વૃદ્ધે ગાળો બોલવાની ના પાડતા કાળાભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને વૃદ્ધના નાનાભાઈ ટપુભાઈને માર મારવા લાગેલ જેથી વૃદ્ધ આડા પડતા તેને પણ શરીરે આડેધડ ઢીકાપાટાનો માર મારવા લાગતા મને મોઢામાં વાગી જતા એક દાંત પડી ગયેલ અને બાદમાં ટપુભાઈની દીકરી નયના તથા મેઘના આવી જતા આરોપી કાળાભાઈએ આ બંને દીકરીઓને આડેધડ ઢિકા પાટુનો માર મારેલ હતો અને દેકારો કરતા આ કાળાભાઈ ત્યાંથી જતા રહેલ અને બાદમાં મેઘનાબેને ૧૦૮ને ફોન કરતા ૧૦૮ આવી જતા અહીં સરકારી દવાખાને દાખલ કરેલ છે. જયાં વૃદ્ધ તથા નયનાબેન તથા મેઘનાબેનની સારવાર શરૂ છે.

આ બનાવમાં આરોપી કાળાભાઈ ખાટાભાઈ મકવાણા તથા ખાટાભાઈ ઉકાભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાઈ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** વિમળાબેન ચુનીભાઈ હિંગુ (ઉ.વ. ૭૦) તે સ્વ. ચુનીભાઈ (સીટીહિંગુ)નાં ધર્મપત્ની તથા પરેશભાઈ (મુન્નાભાઈ) હિંગુનાં માતૃશ્રી, સ્વ. હીરાભાઈ (હાલ સુરત) અને જીવનભાઈ (જે.ટી.)નાં નાના ભાઈનાં ધર્મપત્ની તથા પ્રવિણભાઈ તથા સ્વ. ચંદુભાઈનાં ભાભી, રાજેશભાઈ (સ્વીટ મોર્નિંગ), ભીખાભાઈ (રવી ટેલર સુરત)નાં કાકી તથા જીતુભાઈ અને હાર્દિકભાઈના ભાભુ તથા શૈલનાં દાદીનું તા. ૧૨/૧૦/૨૩નાં રોજ અવસાન થયેલ છે.



**સદ્‌ગતનું બેસણું**
તા. ૧૬/૧૦/૨૩, સોમવારનાં સાંજે ૪ થી ૬ સોની જ્ઞાતિની વાડી– અમરેલી ખાતે રાખવામાં આવેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૧૨૦૦ | ૧૫૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૪૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૧૦ | ૩૧૪૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૮૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૪૨૭ |
| ૮ | જુવાર | ૫૬૦ | ૧૨૦૦ |
| ૯ | મકાઈ | ૫૦૦ | ૫૮૪ |
| ૧૦ | મગ | ૧૩૯૦ | – |
| ૧૧ | અડદ | ૧૪૦૦ | ૧૯૨૬ |
| ૧૨ | ચણા | ૯૭૧ | ૧૧૮૧ |
| ૧૩ | એરંડી | ૯૦૦ | ૧૧૪૦ |
| ૧૪ | સોયાબીન | ૭૨૫ | ૮૫૪ |

# જાફરાબાદ ખાતે શાંતાબા મેડિકલ કોલેજના સહયોગથી સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો





જાફરાબાદ, તા. ૧૨

સામુહિક આરોગ્ય કેન્દ્ર જાફરાબાદ ખાતે શાંતાબા મેડિકલ કોલેજ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ આયોજનમાં બોહળી સંખ્યામાં મહિલાઓ તથા બાળકો વૃદ્ધો દ્વારા પોતાના સ્વાસ્થ્ય માટે ની તપાસ કરાવી હતી.

આ તકે જાફરાબાદ આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ દ્વારા સુંદર કામગીરી કરવામાં આવી હતી જાફરાબાદ શહેરના નાગરિકો તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી આવેલા નાગરિકો એ આ કેમ્પનો લાભ લીધો હતો તેમજ અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા ટીબી પેશન્ટને ન્યુટ્રીશન કિટ વિતરણ કરવામાં આવ્યું.

આ તકે જાફરાબાદ શહેરના ટીબીના પેશન્ટ તથા ગ્રામ્યથી આવેલ ટીબીના પેશન્ટને અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના સાહેબો દ્વારા ટીબીના પેશન્ટને પોતાના તંદુરસ્ત આરોગ્ય માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે ટીબીના પેશન્ટના ઘરે ઘરે જઈને ટીબીના દર્દીઓને ટીબીની બીમારી વિશે માર્ગદર્શન આપતા જોષી દ્વારા ટીબી વિશે માહિતી માર્ગદર્શન આપેલ. આ કામગીરીમાં સરકારી હોસ્પિટલનો સ્ટાફ તથા ડોકટરો જોડાયા હતા.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૮ | ૧૪૯૪ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૦૭૨ | ૧૦૭૨ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૫ | ૧૪૪૪ |
| ૨ | ચણા | ૯૦૧ | ૯૦૧ |
| ૩ | તલ સફેદ | ૨૭૧૧ | ૩૦૮૫ |
| ૪ | જુવાર સફેદ | ૯૭૨ | ૯૭૨ |
| ૫ | બાજરો | ૩૭૧ | ૩૭૧ |
| ૬ | ધાણા | ૧૦૦૧ | ૧૦૦૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૧૮ |
| ૨ | ચણા | ૯૩૩ | ૧૨૧૨ |
| ૩ | અડદ | ૧૧૦૦ | ૧૪૬૦ |
| ૪ | સોયાબીન | ૭૨૨ | ૮૨૭ |
| ૫ | ધાણા | ૯૦૦ | ૧૦૭૫ |
| ૬ | મગફળી | ૯૧૦ | ૧૨૬૫ |
| ૭ | ચણા સફેદ | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૯ | ૫૦૬ |

રણબીર અને દીપિકા વચ્ચે ખૂબ જ તીવ્ર લિપલોક સીન શૂટ કરવામાં આવ્યો હતો

# ઘણી અભિનેત્રીઓ સાથે સીરિયલ કિસર બની લિપ લોક કરી ચુક્યો છે રણબીર

**રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ'નું એક પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું હતું જેમાં તે રશ્મિકા મંદન્ના સાથે લિપ લોક કરતો જોવા મળે છે**

મુંબઈ, તા.૧૨

રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ'નું એક પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું હતું જેમાં તે રશ્મિકા મંદન્ના સાથે લિપ લોક કરતો જોવા મળે છે. આ પોસ્ટરની ખૂબ ચર્ચા થઈ રહી છે. જો કે, આ પહેલીવાર નથી જ્યારે રણબીરે કોઈ અભિનેત્રી સાથે લિપ-લોક કર્યું હોય. આ પહેલા પણ તે ફિલ્મોમાં લિપલોક સીન આપી ચૂક્યો છે. તાજેતરમાં રિલીઝ થયેલી તુ જૂતી મેં મક્કરમાં રણબીર અને શ્રદ્ધા કપૂર વચ્ચે ઘણા લિપલોક સીન્સ હતા. ફિલ્મ એ દિલ હૈ મુશ્કિલમાં રણબીર અને અનુષ્કા શર્માની મિત્રતા લોકોને પસંદ પડી હતી. આ ફિલ્મમાં રણબીર અને અનુષ્કા વચ્ચે લિપ લોક સીન પણ હતો. તમાશા ફિલ્મમાં રણબીર કપૂર અને દીપિકા પાદુકોણ વચ્ચે ખૂબ જ તીવ્ર લિપલોક સીન શૂટ કરવામાં આવ્યો હતો. ફિલ્મ એ દિલ હૈ મુશ્કિલમાં રણબીર કપૂર અને ઐશ્વર્યા રાયની કેમેસ્ટ્રીની ખૂબ ચર્ચા થઈ હતી. આ ફિલ્મમાં રણબીર અને એશ વચ્ચે લિપ લોક સીન પણ હતો જે ચર્ચામાં હતો. રણબીર તેના કરતા ૮ વર્ષ મોટી અભિનેત્રી સાથે રોમાન્સ કરવા માટે ખૂબ જ નર્વસ હતો. યે જવાની હૈ દીવાની'ને રણબીર કપૂર અને દીપિકા પાદુકોણની કારકિર્દીની સર્વશ્રેષ્ઠ ફિલ્મોમાંથી એક માનવામાં આવે છે. બ્રેકઅપ પછી પણ બંનેએ સાથે કામ કર્યું અને એટલું જ નહીં તેમની વચ્ચે લિપ-લોક સીન પણ જોવા મળ્યો. 'રોકસ્ટાર' રણબીર કપૂરની હિટ ફિલ્મોની યાદીમાં સામેલ છે. અભિનેતાએ ફિલ્મમાં નરગીસ ફખરી સાથે લિપ લોક સીન આપ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં ગાવડકા માર્ગ ઉપર

કરવામાં આવતાં તાત્કાલિક ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ ઘટના સ્થળ પર દોડી ગઈ હતી અને સુજબુજથી સળગી ઉઠેલ ગાડીને પેટ્રોલ પંપની બહાર લઈ અને ફોર્મનો મારો ચલાવી તાત્કાલિક ધોરણે આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની સતર્કતાના કારણે કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામેલી નથી.

પાના ૧ ઉપરનું ચાલું
## સાવરકુંડલા ગામે ઉછીનાં આપેલ રૂપિયા

અગાઉ રૂપીયા ૧૯,૦૦૦ રોકડા ઉછીના આપેલ હોય તે પૈસાની ઉઘરાણી રત્નકલાકારે કરતા આરોપી વિશાલભાઈ પૈસા પરત આપવાના ન પડે તે માટે સાવરકુંડલાના જેસર રોડ ચોકડી પાસે રત્નકલાકારને મારી નાખવાના ઈરાદે ગળા ઉપર છરીના બે ઘા મારી ગંભીર પ્રકારની જીવલેણ ઈજા કરી આશરે પંદરથી અઢાર ટાંકા આવે તેવી ઈજા કરી તથા એક અજાણ્યો મોટર સાયકલ વાળા સાથે રત્ન કલાકારના રોકડા રૂપીયા ૩૩,૫૦૦ તથા મોબાઈલ ફોન કીમત રૂપિયા આશરે ૩૦૦૦નો લઈ ભાગી જતાં આ બન્ને સામે ફરીયાદ નોંધાયેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૩ | ૧૫૦૮ |
| ૨ | મગફળી | ૧૦૮૫ | ૧૧૬૬ |
| ૩ | ઘઉં | ૪૫૧ | ૫૨૧ |
| ૪ | તલ | ૨૬૫૧ | ૨૬૫૧ |
| ૫ | સોયાબીન | ૭૭૨ | ૭૭૨ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૦ | ૧૫૫૦ |
| ૨ | મગફળી | ૧૧૧૫ | ૧૧૮૫ |
| ૩ | મગ | ૧૫૪૦ | ૧૮૦૦ |
| ૪ | અડદ | ૧૫૧૦ | ૧૭૯૦ |
| ૫ | ઘઉં | ૪૪૫ | ૪૭૫ |
| ૬ | ચણા | ૯૬૮ | ૧૦૩૨ |
| ૭ | બાજરો | ૩૪૧ | ૪૦૯ |

# અમરેલી તાલુકા ખેતીવાડી શાખા દ્વારા તાલુકા કક્ષાનો મીલેટ મેળો યોજાયો







પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી દ્વારા મિલેટ પાકોને પ્રાધાન્ય આપવા માટે અને મિલેટ પાકો વધુ વાવી અને લોકો પોષણ યુક્ત ખોરાક તરફ વળે તેના જાગૃતિ માટે અમરેલી તાલુકા ખેતીવાડી શાખા દ્વારા અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ ૨૦૨૩ અને મિલેટ ડેવલોપમેન્ટ અંતર્ગત મિલેટ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ સંસ્થઓ દ્વારા મીલેટના સ્ટોલ લગાડવામાં આવ્યા હતા. અને ખેડૂતો ને મિલેટ અને ઓર્ગેનિકનાં વાવેતર તરફ વાળવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.

### ભારતનું વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં વિજય અભિયાન

## ભારતે ૭મી વખત ૨૫૦થી વધારેનો ટાર્ગેટ ચેઝ કર્યો

### પાંચ વખતથી વધુ ૨૫૦થી વધુનો લક્ષ્ય કોઈએ હાંસલ કર્યો નથી

નવી દિલ્હી, તા.૧૨

ભારતીય ક્રિકેટ ટીમનું વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં વિજય અભિયાન ચાલુ છે. ભારતે બીજી મેચમાં અફઘાનિસ્તાનને ૮ વિકેટે હરાવ્યું હતું. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં અફઘાનિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૨૭૨ રન બનાવ્યા હતા. કેપ્ટન હશમતુલ્લાહ શાહિદીએ ૮૦ રનની ઈનિંગ રમી હતી અને અઝમતુલ્લા ઉમરઝાઈએ ૬૨ રનની ઈનિંગ રમી હતી. જવાબમાં ભારતે ૩૫ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. ભારતે વન-ડે વર્લ્ડ કપમાં રેકોર્ડ સાતમી વખત ૨૫૦થી વધુ રનનો લક્ષ્ય સફળતાપૂર્વક હાંસલ કર્યો હતો. અન્ય ટીમો પર નજર કરીએ તો પાંચ વખતથી વધુ ૨૫૦થી વધુનો લક્ષ્ય કોઈએ હાંસલ કર્યો નથી. ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ ૮૪ બોલમાં ૧૬ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી શાનદાર ૧૩૧ રન બનાવ્યા હતા. રોહિતે ૩૦ બોલમાં ૫૦ રન અને ૬૩ બોલમાં સદી પૂરી કરી હતી. આ વન-ડે વર્લ્ડ કપમાં ભારત તરફથી સૌથી ઝડપી સદી હતી. આ મામલે તેણે કપિલ દેવને પાછળ છોડી દીધા હતા. કપિલે વન-ડે વર્લ્ડ કપ ૧૯૮૩માં ઝિમ્બાબ્વે સામે માત્ર ૭૨ બોલમાં સદી ફટકારી હતી. રોહિતને તેની આ ઈનિંગ બદલ પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ પણ મળ્યો હતો. જયારે વિરાટ કોહલીએ ૫૬ બોલમાં અણનમ ૫૫ રન બનાવ્યા હતા. વિરાટે ૩૫મી ઓવરની છેલ્લી બોલ પર ચોગ્ગો ફટકારી ભારતને જીત અપાવી હતી. આ મેચ દરમિયાન ઘણાં રેકોર્ડ પણ બન્યા હતા.

વન-ડે વર્લ્ડ કપમાં ભારતે સફળતાપૂર્વક હાંસલ કરેલો સર્વોચ્ચ સ્કોર

૨૮૮ વિ.ઝિમ્બાબ્વે, ઓકલેન્ડ, ૨૦૧૫
૨૭૫ વિ.શ્રીલંકા, મુંબઈ ઉજી, ૨૦૧૧ ફાઈનલ
૨૭૪ વિ.પાકિસ્તાન, સેન્ચુરિયન, ૨૦૦૩
૨૭૩ વિ.અફઘાનિસ્તાન, દિલ્હી, ૨૦૨૩
૨૬૫ વિ.શ્રીલંકા, હેડિંગ્લે, ૨૦૧૯

દિલ્હીમાં વનડેમાં સૌથી વધુ ટાર્ગેટનો સફળતાપૂર્વક પીછો કરવામાં આવ્યો

૨૭૮ રન - ભારત વિ.શ્રીલંકા, ૧૯૮૨
૨૭૩ રન - ભારત વિ.અફઘાનિસ્તાન, ૨૦૨૩
૨૭૨ રન - શ્રીલંકા વિ.ભારત, ૧૯૯૬
૨૩૯ રન- ભારત વિ.ઓસ્ટ્રેલિયા, ૧૯૮૬
૨૩૮ રન - ભારત વિ.ઈંગ્લેન્ડ, ૨૦૧૧

વન-ડે વર્લ્ડ કપમાં ભારત માટે સૌથી મોટી ઓપનિંગ ભાગીદારી

૧૮૯ રન - રોહિત શર્મા અને કે.એલ રાહુલ વિ.શ્રીલંકા, લીડ્સ, ૨૦૧૯
૧૮૦ રન- રોહિત શર્મા અને કે.એલ રાહુલ વિ.બાંગ્લાદેશ, બર્મિંગહામ, ૨૦૧૯
૧૭૪ રન- શિખર ધવન અને રોહિત શર્મા વિ.આયર્લેન્ડ, હેમિલ્ટન, ૨૦૧૫
૧૬૩ રન- સચિન તેંડુલકર અને અજય જાડેજા વિ.કેન્યા, કટક, ૧૯૯૬
૧૫૬ રન- ઈશાન કિશન અને રોહિત શર્મા વિ.અફઘાનિસ્તાન, દિલ્હી, ૨૦૨૩

વન-ડે વર્લ્ડ કપમાં સફળ રન ચેઝમાં સૌથી વધુ સ્કોર

૧૫૨* રન - ડેવોન કોનવે (ન્યુઝીલેન્ડ) વિ.ઈંગ્લેન્ડ, અમદાવાદ, ૨૦૨૩
૧૩૯* રન - લાહિરુ થિરિમાને (શ્રીલંકા) વિ.ઈંગ્લેન્ડ, વેલિંગ્ટન, ૨૦૧૫ ૧૩૪* રન - સ્ટીફન ફ્લેમિંગ (ન્યુઝીલેન્ડ) વિ.દક્ષિણ આફ્રિકા, જોહાનિસબર્ગ, ૨૦૦૩
૧૩૧* રન - મોહમ્મદ રિઝવાન (પાક) વિ.શ્રીલંકા, હૈદરાબાદ, ૨૦૨૩
૧૩૧ રન - રોહિતશર્મા (ભારત) વિ.અફઘાનિસ્તાન, દિલ્હી, ૨૦૨૩
૧૨૭* રન - સચિન તેંડુલકર (ભારત) વિ.કેન્યા, કટક, ૧૯૯૬

### નવરાત્રિમાં ખેલૈયાઓની મજા બગાડશે વરસાદ

## ૧૫ અને ૧૬ ઓક્ટોબરના રોજ રાજ્યના કેટલાક ભાગમાં વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૨

ખેલૈયાઓ માટે ચિંતાજનક સમાચાર આવ્યા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે નવરાત્રિમાં વરસાદ વરસશે. રાજ્યના હવામાન વિભાગના મતે ૧૫ અને ૧૬ ઓક્ટોબરના રોજ સૌરાષ્ટ્ર, ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં વરસાદ વરસી શકે છે. ૧૫ ઓક્ટોબરના રોજ સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર, ખેડા અને આણંદમાં છૂટ્ટા છવાયા વરસાદની આગાહી કરાઈ છે જ્યારે ૧૬ ઓક્ટોબરના રોજ સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, બનાસકાંઠા અને સાબરકાંઠામાં છૂટ્ટા છવાયા વરસાદની આગાહી કરાઈ છે. રાજ્યમાંથી ચોમાસાએ વિદાય લીધી છે અને હવે વાતાવરણ પણ સૂકું બની ગયું છે. રાજ્યમાં દક્ષિણ પશ્ચિમના પવન ફૂંકાય રહ્યા છે અને અત્યારે બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે.

વહેલી સવારે ઠંડા પવન ફૂંકાઈ રહ્યા છે અને બપોર થતાં ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે કરેલી આગાહીથી ખેલૈયાઓની ચિંતામાં વધારો થયો છે. હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ, નવરાત્રિમાં બે દિવસ વરસાદ વિઘ્ન બનશે. ૧૫ અને ૧૬ તારીખે વરસાદ પડી શકે છે.

આ આગાહીના કારણે આયોજકો પણ ચિંતામાં મુકાઈ ગયા છે. તે સિવાય ખેડૂતો પણ આ આગાહીના કારણે ચિંતિત થયા છે. હાલમાં ચોમાસું પાક તૈયાર થઈ ગયો છે. તેવા સંજોગોમાં વરસાદ થાય તો ખેડૂતોના મોઢામાં આવેલો કોળીયો છીનવાઈ જશે, જેથી ખેડૂતોને દશા કફોડી બનશે.

## સા.કુંડલાના મહાવીરસિંહ ખુમાણનાં જન્મદિને શુભેચ્છા

સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલાનાં સૂર્યોદય પેટ્રોલ પંપના ઓનર હનુભાઈ ખુમાણનાં પુત્ર અને પત્રકાર, અમરેલી જિલ્લા, મેનેજીંગ ટ્રસ્ટી સનરાઈઝ સ્કૂલ પ્રતાપભાઈ ખુમાણનાં ભત્રીજા મહાવીરસિંહ ખુમાણનો બર્થડે છે.



મહાવીરસિંહUnder 14, 16, 18, 20 સૌરાષ્ટ્ર ક્રિકેટ ટીમમાં પ્રદેશ કક્ષાએ ઓલરાઉન્ડર તરીકે રમી ચૂકયા છે. પોરબંદર, ભાવનગર, રાજકોટ, જામનગર યુનિવર્સિટી કક્ષાએ પણ રમી ચૂકયા છે. ઈંગ્લેન્ડમાં સતત ૨ વર્ષ સુધી કાઉન્ટી ક્રિકેટ રમેલા છે.

ઈંગ્લેન્ડમાં એક વર્ષ સુધી જુનિયર હાઈસ્કુલ સ્ટુડન્ટ્સને કોચિંગ પણ આપેલ છે. હાલ ગાંધીનગર ખાતે સ્પોટર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં વિવિધ કક્ષાએ કોચિંગની સેવા આપી રહ્યા છે.

આજે તેમનાં જન્મદિન નિમિત્તે મિત્રો, સ્નેહીજનો ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

## નવરાત્રિમાં ગરબા રમતી વખતે શું કરવું અને શું ન કરવું

નવરાત્રી દરમ્યાન હાર્ટ એટેકથી બચવાં માટે ખ્યાતનામ કાર્ડીયોલોજીસ્ટ ડો. ઉત્સવ ડી. ઉનડકટનું માર્ગદર્શન મેળવતા જાણીતા સામાજિક કાર્યકર, અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ એડવોકેટ સંદીપ પંડયા.

**ગરબા રમતી વખતે શું કરવું અને ન કરવું :**

– 'શું કરવું'
– પર્યાપ્ત હાઈડ્રેશન જાળવો.
– નિયમિત વિરામ લો.
– જો તમે હાર્ટ પેશન્ટ છો, તો તમારા ડાક્ટર પાસેથી ક્લિયરન્સ મેળવો.
– જો તમને બીપી અથવા ડાયાબિટીસ હોય, તો ફિટનેસ એસેસમેન્ટ માટે હેલ્થ ચેક અપ કરાવો.
– તમારી સહનશકિત વધારવા માટે નિયમિતપણે કસરત કરો અને પ્રેકિટસ કરો.
– સ્વસ્થ શરીરનું વજન જાળવો

– 'ન કરો'
– સત્ર પહેલા અને દરમ્યાન ભારે ભોજન ટાળો.
– તમારી જાત પર વધુ પડતો પ્રયાસ કરશો નહીં (તમારી મર્યાદા જાણો).
– રિહાઈડ્રેશન માટે ઠંડા પીણાં (સાદા પાણીને પ્રાધાન્ય આપો) ટાળો.



**ડો. ઉત્સવ. ડી. ઉનડકટ**
MD. DNB (કાર્ડિયોલોજી), FSCAI
ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ
ક્રિશ હાર્ટ કેર
સ્ટાર હોસ્પિટલ અને કેર એન્ડ કયોર હોસ્પિટલ, અમદાવાદ.

### શરીરમાં ઘૂણવું સવારી આવવી મહાડિંડક : વિજ્ઞાન જાથા

## નવરાત્રિ પ્રાચીન ગરબીનાં આયોજકોને ધૂણવાનો રાસ બંધ રાખવા અપીલ

અમદાવાદ, તા.૧૨

ભારતમાં સદીઓ અને પરંપરા મુજબ પ્રાચીન ગરબીમાં ધૂણવાના રાસનો આડકતરી રીતે પ્રદર્શન જોવા મળતું હતું પરંતુ છેલ્લા કેટલાક સમયથી રાજયમાં લોકોની ભીડ એકઠી કરવા ધૂણવાના રાસને મહત્વ આપી મહત્તમ સમય ફાળવવામાં આવે છે જે દુઃખદ ઘટના છે. ભારત જન વિજ્ઞાન જાથાના મત મુજબ ધૂણવું, સવારી આવવી મહાડિંડકની વ્યાખ્યામાં આવે છે. આગામી તા.૧૫મી ઓકટોબર થી ૨૩ મી ઓકટોબર દરમ્યાન દેશભરમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી થનાર છે.તેમાં પ્રાચીન ગરબીમાં ધૂણવાનો રાસ બંધ રાખી ૨૧ મી સદીને અનુરૂપ વર્તન કરવા વિજ્ઞાન જાથા અનુરોધ કરે છે. ધૂણવાના રાસથી બાળાઓને અનેક પ્રકારે હાનિ થાય છે તેથી આયોજકો ગરબીમાં બંધ રાખી નવાંગતુક રાસ યોજે તેવી અપીલ કરવામાં આવી છે.



જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે ધૂણવાનો રાસ બંધ કે દૂર કરવાથી શ્રદ્ધા,ભકિતમાં કોઈ અવરોધ ઉભો થવાનો નથી. છેલ્લા સોળ વર્ષથી નવરાત્રિ મહોત્સવમાં પ્રાચીન ગરબીમાં ધૂણવાના રાસે કૌતુક ઉભું કરી માસ હિસ્ટેરીયાને જન્મ આપ્યો છે.

બાળમાનસ ઉપર અંધશ્રદ્ધા પ્રેરક વિપરીત માનસિક અસરો થતી હોય ધૂણવાના રાસ કાયમી બંધ કરી નવતર રાસ – કાર્યક્રમો આપવા અપીલ કરવામાં આવી હતી.ધૂણવાનો રાસ અનેક પ્રકારે હાનીકારક સાબિત થયો છે.લાંબાગાળે માનસિક રોગની પૂરેપૂરી સંભાવના છે. માનસિક નબળી બાળાઓ હિપ્નોટાઈઝ થઈને ધૂણવા લાગે છે જે સિલસિલો રોગને આમંત્રણ આપે છે.

જાથાના પંડયાએ વધુમાં જણાવ્યું કે ગરબીમાં ધૂણવાના રાસ વખતે ગુગળ – અગરબત્તીનો ધુમાડો કરી વાળ ખુલ્લા રાખી ડોકું અનેક પ્રકારે હલાવવાનો પ્રયોગ કરવામાં આવે છે જેની સમયમર્યાદા નિશ્ચિત હોતી નથી. ધૂણવાનો રાસ વખતે મોટો માનવસમુહ એકત્રિત થઈ જતો હોય છે. તેથી ડાક વગાડનાર રંગતમાં આવી રાસને લંબાવે છે તેથી ધૂણતી બાળાઓને વધુ પ્રમાણમાં કસરત,થાક,ધુમાડો અંગારવાયુ અને કાર્બન મોનોકસાઈડ લેવાના કારણે બેશુદ્ધ થઈ જાય છે. પડી જવાના બનાવ બને છે. ધૂણવાના કારણે માથાના ભાગે નીકળતી નસોને નુકશાન થતું હોય કયારેક અપંગતાને આમંત્રણ આપીએ છીએ. રગત્રગ થઈ જાય છે. ધૂણવાના રાસમાં બાળાઓને ઓકિસજન મળી રહે તેવી કોઈ વ્યવસ્થા હોતી નથી.બાળાઓના વાલીએ સજાગતા રાખી ધૂણવાના રાસથી દૂર રાખવું હિતાવહ છે. કેટલાક આયોજકોએ અનુભવના અંતે આ રાસ દુર કર્યો છે.

વિશેષમાં જયંત પંડયાએ જણાવ્યું કે ગરબીમાં ધૂણવાના રાસને કારણે લાંબાગાળે, ભવિષ્યમાં માનસિક રોગોમાં ડીસોસીએટીવ ડિસઓર્ડર, ઓબ્જેશન, હિસ્ટેરીયા, ભયભીત વળગાડ જેવા દર્દોની સંભાવના રહે છે. વિચારોનો વળગાડ,આંચકી, ભકિતમાંથી ભયનો રોગ, શંકા વ્હેમ, શરીરમાં માતાજી આવવું, શરીરમાં અન્યોનો પ્રવેશ થવો, હિસ્ટેરીયા પ્રકારના રોગ આવવાની પૂરેપૂરી સંભાવના છે. ધૂણવાનો રાસ કરનારા અને માનસિક નબળા જોનારા માટે ખતરનાક સાબિત થાય છે.

ધૂણવાનો રાસ બંધ રાખવાથી માતાજીની શ્રદ્ધા, ભકિતમાં અવરોધ નથી. જાથા નવરાત્રિ મહોત્સવમાં આસ્થા ધરાવે છે. ધૂણવાના રાસનો વિરોધ કરે છે. અગાઉના વર્ષોમાં ધૂણવાના રાસને કોઈ સ્થાન ન હતું. અત્યારે ગતકડાં ઉભા કર્યા છે. જાગૃતોએ ગરબીમાં ધૂણવાના રાસ બંધ રાખવા પહેલ કરવી જોઈએ.ગરબીના આયોજકો જાથાની અપીલને હકારાત્મક દ્રષ્ટિએ નિહાળી અમલ કરે તેવી આશા રાખવામાં આવે છે. વિજ્ઞાન ટેકનોલોજી યુગમાં ધૂણવાનો રાસ પછાતતાના દર્શન કરાવે છે.ધૂણવાનો રાસ આપણી સંસ્કૃતિ નથી. ધૂણવાનો રાસ અધ : પતનની નિશાની છે. ધૂણવું – સવારી આવવી માનસિક રોગની નિશાની સાથે ધતિંગની વ્યાખ્યામાં આવે છે. દેશભરમાં નવરાત્રિ મહોત્સવ, શ્રદ્ધા, ભકિત, આસ્થા, વિવિધતાથી માઁ અંબા માતાજીની પૂજા, અર્ચના, સ્થાનિક સંસ્કૃતિની રીતે ઉજવણી થાય તેના તરફ સૌને આદર હોય છે. ધૂણવાનો રાસ તો બંધ થવો જ જોઈએ.

અંતમાં જાથાના પ્રયાસથી મોટાભાગની ગરબીઓમાં આયોજકોએ ધૂણવાના રાસની બાદબાકી કરી નાંખી છે તે સરાહનીય છે તેની જાથા કદર કરે છે છતાં પણ રાજયમાં જીલ્લા મથકોએ કાર્યકારી કમિટી બનાવી ધૂણવાના રાસ સંબંધી આયોજકો સાથે વિચાર–વિમર્શ કરશે તે જીલ્લા રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ભુજ–કચ્છ, મોરબી,જામનગર, દેવભૂમિ દ્વારકા,ગીર સોમનાથ, જુનાગઢ, અમરેલી, બોટાદ, ભાવનગર, આણંદ, ખેડા, વડોદરા, ભરૂચ, નવસારી, વલસાડ, વાપી, ડાંગ, આહવા, ગોધરા વિગેરે સ્થળોએ સ્થાનિકોએ જાણકારી આપવાથી જાથા કાયદાની મર્યાદામાં કામ કરશે તેની ખાત્રી આપવામાં આવે છે. જાથાના સંનિષ્ઠ કાર્યકરોમાં રાજુ યાદવ, અંકલેશ ગોહિલ, વિનુભાઈ ઉપાધ્યાય, દિનેશ હુંબલ, નિર્મળ મેત્રા, નિર્ભય જોશી, કિશોરગીરી ગોસાઈ, વિનોદ વામજા, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહિલ વિગેરે કાર્યકરો કામગીરી કરવાના છે.

જાથાની વિચારધારા સાથે સંમત લોકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ / ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# લીલીયા મોટા : વિશ્વ દ્રષ્ટિ દિવસે પ્રગતિ ક્રેડિટ મંડળી દ્વારા આરોગ્યલક્ષી કેમ્પ યોજાયો






લીલીયા મોટા ખાતે દિલીપભાઈ સંઘાણીના ૭૦માં વર્ષની ઉજવણીના ભાગરૂપે ‘પ્રયાસ હરબાર’નો આજ પ્રગતિ [redacted] ઉપસ્થિત રહયા તથા જુદા જુદા નવ જેટલા નિષ્ણાંત ડોકટર્સ સેવા આપી.૭૫૦ કરતા વધુ દર્દીની તપાસ કરી,લેબોરેટરી તથા દવા પણ ફી હોય લોકોએ એમનો લાભ લીધો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ ખાસ મુલાકાત લીધી સાથે અન્ય આગેવાનો પણ ખાસ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં સેવા આપવા બદલ ડોકટર્સઓનો ખાસ આભાર પ્રગતિ સેવિગ્ઝ એન્ડ ક્રેડીટ કો.ઓ.સોસાયટીનાં ચેરમેન ભાવેશભાઈ રાદડીયાએ વ્યકત કરેલ. પ્રગતિ સેવિગ્સ એન્ડ ક્રેડીટ કો.ઓ.સો.લી.નાં તમામ ડિરેકટરઓ એ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## જેમાં ૩૩ કરોડ દેવાતાઓનો વાસ હોવાનું કહેવાય છે તેની કોઈને દયા નથી

# સાવરકુંડલામાં ટ્રેઈન અકસ્માતમાં ૨૪ ગાયો મોતને ભેટી

જાહેર માર્ગોથી લઈને ગંદકી ફેંદતી અને રખડતી-ભટકતી ગૌ-માતાની સમસ્યા દૂર કરવાનું શાસકોને યાદ આવતું નથી

ગૌ-માતાનાં નામે સત્તારૂઢ થયા બાદ શાસકોએ ક્યારેય ગૌ-માતાનાં હિતમાં નોંધપાત્ર કામગીરી કરી નથી

ગૌચર જમીનમાં દબાણ કે તેમાંથી માટી ચોરીનાં પણ કારસ્તાન અવારનવાર બહાર આવી રહ્યા છે

સાવરકુંડલાનાં શ્રીજી ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટના સેવાભાવીઓએ ગાયોનાં મૃતદેહની અંતિમવિધિ કરાવી





અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં રખડતી-ભટકતી ગૌ-માતાને સલામત સ્થળે ખસેડવાની જેઓએ ગૌ-માતાનાં નામે મત માંગ્યા છે તેવા શાસકોને ચિંતા નથી. જાહેર માર્ગો પર અથડાતી, ભટકાતી, ગંદકી ફેંદતી ગૌ-માતાનાં દ્રશ્યો રોજિંદા બન્યા છે અને ગૌચર જમીનમાં પણ કે જમીનમાંથી માટીની ચોરીની ઘટના પણ બની રહી છે.

દરમિયાનમાં ગત રાત્રીએ સાવરકુંડલાનાં બાઢડા મુકામે થયેલ ટ્રેન અકસ્માતમાંના સ્થળ પર ૨૪ જેટલી ગાયો મૃત્યુ પામી હતી. આ સમગ્ર ઘટનાની જાણ થતાં સાવરકુંડલામાં રેઢિયાળ રખડતી ગૌ-માતાની સેવા માટે સદાય તત્પર એવા શ્રીજી ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટને જાણ થતાં તાત્કાલિક ટ્રસ્ટના ૩૫ થી ૪૦ કાર્યકર્તાઓ ત્યાં પહોંચી અને મોડી રાત્રી સુધી તમામ ગૌ-માતાના મૃતદેહોને નગરપાલિકાના કેતનભાઈ બગડા અને હિતેશભાઈ મારૂ ધ્વારા નગરપાલિકા પીએમ સેન્ટરે મોકલાવેલ. ટ્રસ્ટની આ સેવારૂપ કાર્યવાહી જોઈ અને ટ્રસ્ટની કામગીરીને ત્યાં હાજર રહેલ સમગ્ર રેલ્વે સ્ટાફ અને પોલીસ સ્ટાફે શ્રીજી ગૌસેવા ચેરીટેબલ ટ્રસ્ટની કામગીરીની પ્રશંસા કરેલ છે. આમ શ્રીજી ગૌસેવા ટ્રસ્ટે સેવા એ જ સાધનનું સુત્ર ચરિતાર્થ કરેલ છે. ખરા અર્થમાં જોવા જઈએ તો આ સંસ્થા પણ ખાલી નામની નહી પરંતુ કામની પણ છે એ પ્રત્યક્ષ પ્રમાણ સાબિત થયું.

### આગામી તા. ૧૪ ઓક્ટોબરનાં રોજ

## અમરેલીનાં એન્જલ સિનેમાનાં સ્ક્રીન ઉપર ભારત-પાકિસ્તાન વચ્ચેના મેચનું પ્રસારણ

**લાઈવ મેચનું પ્રસારણ જોવા માટે દર્શકોનો ઘસારો**




અમરેલી, તા. ૧૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે આગામી તા. ૧૪નાં રોજ અમદાવાદ ખાતે ક્રિકેટ મેચ રમાનાર હોય. ત્યારે સમગ્ર દેશમાં આ ક્રિકેટ મેચને લઈને ભારે ઉતેજના હોય. ત્યારે અમરેલીનાં ક્રિકેટનાં ક્રિકેટ રસીકો માટે અમરેલીનાં એન્જલ સીનેવર્લ્ડ ખાતે આ મેચનું લાઈવ પ્રસારણ દર્શાવવામાં આવશે. એન્જલ સિનેમાનાં વિશાળ સ્ક્રીન ઉપર મેચ નિહાળવા લોકોનો ભારે ઘસારો હોય લોકો ટીકીટ મેળવવા માટે લાઈનો લગાવી રહ્યાં છે.

### નવરાત્રિનું પર્વ નજીક આવતા

## બાબરામાં વાંજિત્રોની મરામત કરી પરિવારનું ગુજરાન ચલાવતાં ડબગર સમાજના નાગરિકો

**પેઢી દર પેઢીથી વ્યવસાય કરનારને મદદ જરૂરી**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૨

નવરાત્રીના પર્વ નજીક આવી રહયું છે ત્યારે બાબરામાં વાજિંત્રો મરામત કરી પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવતા ડબગર સમાજનાં લોકો, હાર્મોનિયમ, ખંજરી, ઢોલક, તબલા, મંજીરા, સહિતનાં વાજિંત્રોને વેચવા તેમજ મરામત કામગીરી આ પરિવાર દ્વારા પેઢીઓથી કરતા આવે અને તેમનો આ વ્યવસાય અન્ય કોઈ સમાજ કે વ્યકિતઓ નહિ કરતા હોવાથી સારો ચાલી રહયો છે. પણ રાજય સરકાર દ્વારા બજેટમાં આ પરિવાર માટે આર્થિક મદદ મળે તેવી જોગવાઈ કરવામાં આવે તેવી લાગણી વ્યકત કરવામાં આવી છે.

બાબરા શહેરમાં વર્ષોથી ડબગર સમાજનાં વર્ષાબેન પરમાર અહીં નાગનાથ કોમ્પ્લેકસમાં બેસી વાજિંત્રો મરામત કરી પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવી રહયા છે. થોડો વરસ પહેલાં તેમનાં પતિનું અવસાન બાદ પણ પરિવારના નિર્હવા માટે આ વ્યવસાયને આગળ ધપાવી રહયા છે.

વર્ષાબેન દ્વારા જણાવ્યું હતું કે, વાજિંત્રો મરામત કરી રોજીરોટી રળવાનો આ વ્યવસાય અમારો પેઢીઓથી ચાલતો આવે છે. અહી વાંજિત્રોની મરામત તેમજ વેચાણ કરી પરિવારનું ગુજરાન ચલાવી રહયા છે. કોરોનાં મહામારીના સમયમાં સૌથી વધુ વિકટ પરિસ્થિતિનો સામનો પણ આ પરિવાર દ્વારા કરવામાં આવ્યો હતો. કારણ કે લગભગ એક વરસ સુધી જાહેર ધુન ભજન જેવા કાર્યક્રમ લગભગ બંધ રહયા હતા. જેની સીધી અસર આ ધંધા પર પડી હતી. હાલ પણ હજુ ધીમે ધીમે વ્યવસાય પાટે ચડયો છે. પણ હજુ કારમી મોંઘવારી અને મંદીનાં કારણે લોકો હજુ જોઈએ તેવા પ્રમાણ ધંધો જોવા મળતો નથી. નવરાત્રિના પર્વને ગણતરીના દિવસો બાકી છે પણ હજી ગ્રાહકી જોવા મળતી નથી.

Since 1986
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
જીવનની બે જ વાસ્તવિક સંપત્તિ સમય અને શ્વાસ છે...
લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

### પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે આરોગ્ય મંત્રીને પત્ર પાઠવી સમસ્યા દૂર કરવા માંગ કરી

## અમરેલી જિલ્લા સહિત રાજયની હોસ્પિટલમાં પીએમજેએવાય યોજનાને લઈને અનેક વિસંગતતા

**ગર્ભાશયનાં ઓપરેશન બંધ થયા હોય તુરત શરૂ કરવા જરૂરી**



અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લાનાં પૂર્ણ ધારાસભ્ય અને રાજયનાં પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે રાજયનાં આરોગ્ય મંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાતની પીએમજેએવાય યોજના અંતર્ગત જોડાયેલી હોસ્પિટલની મુશ્કેલી બાબતે મને રજૂઆત કરેલ છે કે, પેનલટી, કલેઈમ બાબતે ખોટી રીતે હેરાન કરે છે. એમઓયુ પ્રમાણે જવાબ આપતા નથી. હાલ આ યોજનામાં ગર્ભાશયનાં લગતા ઓપરેશન બંધ કરવામાં આવ્યા છે જે ગરીબ અને ગ્રામ્ય મહિલાઓ માટે શરૂ કરવા જરૂરી છે. હોસ્પિટલોને લાંબા સમય સુધી તેમનું પેમેન્ટ મળતું નથી અને હોસ્પિટલ ધારકોને, ડોકટરોને, ઓપરેશન ચાર્જ તુરંત જ કેસ આપી દેવો પડતો હોય છે. જેથી હોસ્પિટલનાં ટ્રસ્ટીઓ અને માલિકોને મુશ્કેલી થાય છે. તાલુકા કક્ષા તથા ગ્રામ્ય કક્ષાએ કે પછાત વિસ્તારોમાં જે હોસ્પિટલો આ યોજના કામ કરે છે તેને સમયસર પેમેન્ટ નહી મળતું હોવાને લીધે તથા અધિકારીઓ અને ઈન્સ્યોરન્સ કંપનીઓ મુશ્કેલી કરતી હોય નાના સેન્ટરની હોસ્પિટલો અને ગ્રામ્ય વિસ્તારમાંથી સ્થળાંતરના પ્રશ્નો ઉભા થશે. તો આ બાબતે ઈમરજન્સી નિર્ણય લઈ આ પ્રશ્નનું નિરાકરણ કરવા અંતમાં માંગ કરેલ છે.

## બાબરામાં આગામી રવિવારે કાઠી ક્ષત્રિય સમાજની બેઠક યોજાશે

બાબરા, તા. ૧૨

બાબરામાં આવેલ જલારામ બાપાનાં મંદિર ખાતે આગામી તા.૧૫ ને રવિવારનાં રોજ બોપરનાં ૪ કલાકે એક કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મિટિંગમાં મીટીંગમાં બાબરા શહેર તેમજ તાલુકાના કાઠી ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.આ મિટિંગમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવશે આવશે તેમજ સમાજની એકતા જળવાય તેમજ સમાજ સંગઠિત થાય. સમાજના યુવાનો સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધે એવા જુદાં જુદાં હેતુંથી મિટિંગમાં ચર્ચા કરવામાં આવશે. તેમજ શહેર તેમજ તાલુકાના ગામડાઓમાં કોર કમિટી યુવાની રચના કરવામાં આવશે.તથા દશેરાના દિવસે શસ્ત્ર પુંજનનું આયોજન કરવાનું હોય જે બાબત વિચારણા કરવાની હોય તો આગામી રવિવારનાં રોજ મોટી સંખ્યામાં કાઠી ક્ષત્રિય સમાજના ભાઈઓને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ છે.

### સમી સાંજે વેપારીની નજર ચુકવીને

## રાજુલામાં સોનીની દુકાનમાંથી રૂપિયા ૩.૨૬ લાખના દાગીનાની ચોરી

**અજાણ્યા બે તસ્કરો વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૧૨

રાજુલા ગામે રહેતા અને રાજુલામાં શ્યામ જવેલર્સ નામે સોનાની દુકાન ધરાવતા અમીતભાઈ મહેશભાઈ વાવડીયા ગત તા.૮/૧૦ના રોજ સાંજના આશરે સાડા પાંચથી છ વા ગ્યાનો સમય ગાળા દરમ્યાન તેમની દુકાને એક મોટર સાયકલમાં બે અજાણ્યા ઈસમો આવેલ જેની ઉંમર આશરે ૩૫ થી ૪૦ વર્ષના હતાં. જેમા એક વ્યકિતએ માંથા ઉપર કાળા કલરની ટોપી તથા પાછળ પીઠમાં સ્કુલ બેગ લગાવેલ હતી તથા બીજા ઈસમે દાઢી મૂછ વાળા હતો અને બન્નેએ ચોકડી વાળી ડીઝાઈનના આખી બાયના કોલર વાળા શર્ટ તથા વાદળી કલરના જીન્સ પેન્ટ પહેરેલ હતો.

તે બન્ને અજાણ્યા માણસોએ દુકાનમાં વીંટી તથા પેન્ડલ સેટ ખરીદવાના બહાને દુકાનમાં દિવસ દરમ્યાન આવી દુકાનમાંથી સોનાની વીટી નંગ-૪ તથા સોનાના પેન્ડલ સેટ જોડી નંગ-૬ કુલ વજન ૫૬ ગ્રામ કિંમત રૂપિયા ૩,૨૬,૦૦૦ની કિંમતના ઘરેણાની વેપારીની નજર ચુકવી ચોરી કરી લઈ જતાં આ બન્ને અજાણ્યા ચોર વ્યકિતઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાયેલ છે.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)